# કાર્યો કરવા માટેના નિયમો,વિનિયમો, સુચનાઓ
# નિયમસંગ્રહ અને દફતરો

**એલએકયુ/વહીવટશાખા**

| **દસ્તાવેજનું નામ/ મથાળું** | **દસ્તાવેજનો પ્રકાર** |
|---|---|
| જમીન સંપાદન કાયદો | જમીન સંપાદન અધિનિયમ–૧૮૯૪ તથા જમીન સંપાદન નિયમ સંગ્રહ<br>નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો.<br>(**નિયમો**, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ, દફતરો, અન્ય)<br>જમીન સંપાદન અધિનિયમ તથા તે અન્વયેના પરિપત્ર સંગ્રહ અન્વયે |

(૧) **દસ્તાવેજ પરનું ટૂંકું લખાણ :–**

જમીન સંપાદન કાયદા હેઠળની કાર્યવાહી ખાનગી કબજા હેઠળની મિલકતો પરના લોકોના હક હિત નાબુદ કરી જાહેર હેતુઓ માટે જમીનો સપ્રાપ્ત કરવા અંગેની હોઈ તે નાજુક ઉપરાંત ઘણી અગત્યની તેમજ પુરતી વિચારણાને પાત્ર બની રહે છે. આ કાર્યવાહી કવોસી જયુડીસીયલ પ્રકારની અને થોડી જટિલ છે. તેમાં લોકોના હિતની પણ યોગ્ય ગણના થાય તે જોવુ જરુરી બને છે. આ માટે લોકોને પણ જાણકારી મળી રહે તે સારું જમીન સંપાદન અધિનિયમ હેઠળની કાર્યવાહી અને મુખ્ય બાબતોની રુપરેખા અને સંક્ષિપ્ત વિગતોની એક નાની પુસ્તિકામાં આપવા પ્રયાસ કર્યા છે.

આ પુસ્તિકામાં સારરુપ અને સંક્ષિપ્ત વિગતો સરળ ભાષામાં લોકભોગ્ય રીતે આપવાનો પ્રયાસ કર્યો હોઈ તેને કાયદાની મુળ શાબ્દિક જોગવાઈઓ તરીકે કોઈ આગવા અર્થઘટન માટે  ન લે તેવી વિનંતી કરેલ છે.

(૨) **જમીન સંપાદનની કાર્યવાહીની રુપરેખા :–**

જેને જમીનની જરુરીયાત હોય તેવી સંપાદક સંસ્થા કે જે સંપાદન ધારા હેઠળની કાર્યવાહીમાં અરજદાર ગણાય છે. તે પોતાની જરુરીયાત નકકી કરી જમીન અંગેની વિગતો નકશા રેકર્ડના ઉભરા તથા ડીમાર્કેશન સર્ટીફીકેટ સાથે સંબંધિત જીલ્લા કલેકટરશ્રીને અરજી કરે છે. બીન સરકારી કંપનીઓ આવી અરજી સીધી સરકારમાં કરે છે.

કલેકટરશ્રી આવી અરજી ઉપરથી તેમાં સંપાદનની કાર્યવાહી કરવાનું કામ જે તે સંપાદન અધિકારીને સોંપે છે. તે પરથી સંપાદન અધિ.શ્રી અરજીમાંની દરખાસ્ત પર પ્રાથમિક તપાસ કરી કાયદા નીચે સંપાદનની કાર્યવાહી શરુ કરવા જ.સં.ધારાની કલમ–૪ હેઠળનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવાની દરખાસ્ત કલેકટરશ્રી/ સરકાર જેમને સત્તા પહોંચતી હોય તેમને રજુ કરે છે.

કલેકટરશ્રી/ સરકાર ઉકત દરખાસ્ત ચકાસણી બાદ કલમ–૪ નું જાહેરનામું મંજુર કરે છે. અને રાજય પત્રમાં પ્રસિધ્ધી માટે એક નકલ સરકારી પ્રેસને મોકલી બીજી નકલો દૈનિક પત્રોમાં જાહેરનામાની પ્રસિધ્ધીની કાર્યવાહી સારું તથા કલમ–૪(૧) ની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે સંબંધિત સંપાદન અધિકારીને રવાના કરે છે. આમ સંપાદન અધિકારીશ્રી જાહેરનામું સંપાદન હેઠળની જમીનના વિસ્તારમાં ફેલાવો ધરાવતા બે દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવે છે. તેમજ સ્થળે પ્રસિધ્ધ કરાવે છે. આમ ઉકત જાહેરનામું રાજયપત્ર, દૈનિક સમાચાર પત્ર તથા જાહેર નોટીસ ધ્વારા એમ ત્રણ રીતે પ્રસિધ્ધ કરાય છે. તેમા જે રીતે સૌથી મોડી પ્રસિધ્ધી થઈ હોય તેની તારીખે કાયદા હેઠળ કલમ–૪ ના જાહેરનામાની પ્રસિધ્ધી તારીખ તરીકે ગણાય છે. અને તે તારીખે પ્રવર્તમાન હોય તેવી જમીનની બજાર કિંમત સંપાદન હેઠળની જમીનોના વળતર નકકી કરવા માટે એવોર્ડ કરતી વખતે લક્ષમાં લેવાય છે. ઉકત પ્રસિધ્ધીથી સંપાદન હેઠળની જમીનમાં હક–હિત ધરાવતી વ્યકિતઓને તેમની જમીન સંપાદન કરાઈ રહી છે. તેવો ખ્યાલ આવે છે. તે પરથી તેવી વ્યકિતઓમાંથી જેને સંપાદન સામે વાંધા હોય તેણે પોતાના વાંધા સંપાદન અધિકારીને જાહેરનામાની પ્રસિધ્ધીની તારીખથી ૩૦ દિવસમાં રજુ કરી દેવાના હોય છે.વાંધાની સુનાવણી સંપાદન અધિકારી આપે છે. અને વાંધા સંબંધે સંપાદક સંસ્થાનો અભિપ્રાય મેળવી પોતાના અભિપ્રાય સાથે સરકારમાં કલમ–૬ નું આખરી જાહેરનામાની દરખાસ્ત રજુ કરે છે. ઉકત દરખાસ્ત સરકાર ચકાસણી કરે છે. અને યોગ્ય જણાયે વાંધા રદ કરી કલમ–૬ નું જાહેરનામું મંજુર કરે છે. અને ઉકત પેટા મુજબ કાર્યવાહી કરે છે. કંપની સિવાયના જે કેસમાં વાંધા રજુ થયા ન હોય તેમા કલમ–૬ નું આખરી જાહેરનામું કલેકટરશ્રી મંજુર કરે છે. આમ, કલમ–૬ ની પ્રસિધ્ધી બાદ સંપાદન અધિ.કલમ–૯ હેઠળ જાહેર તથા વ્યકિતગત નોટીસો બજાવી જમીનના વળતર સંબંધેના હક દાવાની તપાસ હાથ ધરે છે. અને તે પુરી થતા કલમ–૧૧ હેઠળ વળતરનો એવોર્ડ કરે છે. ઉકત એવોર્ડ કલમ–૬ ના જાહેરનામાની પ્રસિધ્ધીની તારીખથી મોડામાં મોડા બે વર્ષની અંદર કરી દેવો પડે નહી તો સંપાદન કાર્યવાહી રદ જાય આમા પણ કોર્ટનો મનાઈ હુકમ હોય તો તેટલો સમય મુદત

ગણવામાં મજરે મળે છે. આમ એવોર્ડ કરી સંપાદન અધિકારી કલમ–૩૧ મુજબ વળતરની ચુકવણી કરે છે. અને કલમ–૧૬ નીચે જમીનોના કબજા સંભાળી લે છે.

આમ જે ઈસમોને સંપાદન અધિકારીના એવોર્ડ સામે અસંતોષ કે વાંધો હોય તેઓ આવા કોર્ટ રેફરન્સ ધ્વારા ન્યાયની કોર્ટ ધ્વારા યોગ્ય ન્યાય મેળવી શકે છે. આ માટે જે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો તે વખતે હાજર હોય તો એવોર્ડ જાહેર કર્યાની તારીખથી છ અઠવાડીયાની અંદર કોર્ટ રેફરન્સ કરી શકે છે. અન્યથા નોટીસ મળ્યાની તારીખથી છ અઠવાડીયાની અંદર આવા એવોર્ડ જાહેર કર્યાની તારીખથી છ મહિના તે બે માંથી જે સમયગાળો વહેલો પુરો થાય તેની અંદર કરી શકે છે.

એવોર્ડની નકલ માટે હક–હિત ધરાવતી વ્યકિતએ કોઈ ફી ભરવાની થતી નથી.

(૩) <u>વળતરની રકમ</u>

(૧) કલમ–૪ ના જાહેરનામાની તારીખે બજાર કિંમત અને ઉપરોકત બજાર કિંમતના ૩૦% લેખે સોલેશ્યમ

(૨) કલમ–૪ ના જાહેરનામાની પ્રસિધ્ધીની તારીખથી એવોર્ડ કરાય કે જમીનનો કાયદા નીચે કબજો મેળવાય તે બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધીના સમયગાળા માટે જમીનની બજાર કિંમત ઉપર વાર્ષિક ૧૨% લેખેનો ભાવ વધારો

(૩) ઝાડ,કુવા,વાડ, બાંધમ વગેરે જમીન સાથે કાયમી રીતે જોડાયેલ વસ્તુઓનું નિયમાનુસાર થતુ વળતર

(૪) જમીનનું વિભાજન કે તેમા ઉભી થતી હાનિકારક અસર તથા પોરા હક ગુમાવવા વગેરે માટે યોગ્ય રકમ.

(૪) જમીન સંપાદન નિયમ સંગ્રહના ફકરા–૩૨૮ મુજબ જમીનનો નિકાલ

અન્ય અરજદાર (સંસ્થા) પોતાને જરુરી ન જણાતા જમીન છોડી દે અથવા સરકાર પોતાના હેતુઓ માટે સંપ્રાપ્ત કરેલી જમીન છોડી દે ત્યારે ઉપયોગમાં લેવાઈ ન હોય એવી કોઈ સંપ્રાપ્ત કરેલી જમીનનો નિકાલ કરવાનું નકકી થયુ હોય અને એવી જમીન નિકાલ માટે રાજય સરકારને પ્રાપ્ત થઈ હોય ત્યારે એ જમીન મુળ જેની પાસેથી તે સપ્રાપ્ત કરવામાં આવી તે વ્યકિતને યાદી સોંપવી જ એવુ આવશક નથી. સિવાય કે સંબંધિત વ્યકિત જમીન વિહોણા હોય અથવા બીજા સાધનોમાંથી એની વાર્ષિક આવક રુા. ૧૮૦૦/– કરતા વધુ ન હોય આવા પ્રસંગે ચુકવેલી વળતરની રકમ કે જમીનની ચાલુ બજાર કિંમત એ બેમાંથી જે વધુ હોય એટલી ભેગવટા કિંમતે આપવી.

| | |
|---|---|
| વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે. | સરનામું<br>સરકારી મધ્યસ્થ પ્રેસ ગાંધીનગર.<br>ટેલીફોન નંબરઃ<br>ફેકસ<br>ઈમેઈલ<br>અન્ય |
| વિભાગ ધ્વારા નિયમો, વિનિયમો, સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો) | વિભાગ, મહેસુલ વિભાગ. |

**<u>એમ.એસ.સી.–૧ વહીવટ શાખા.</u>**

**દસ્તાવેજનું નામ/મથાળું** : **<u>કુદરતી આપતિ, પુર વાવાઝોડુ આગ અકસ્માત ભૂંકંપ તથા કરુણ હોનારતો થી અસરગ્રસ્તોને રોકડ સહાય આપવા બાબત.</u>**

**દસ્તાવેજ પરનું ટૂકું લખાણ** : કુદરતી આપતિ, પુર વાવાઝોડુ આગ અકસ્માત ભૂંકંપ તથા કરુણ હોનારતો થી અસરગ્રસ્તોને જુદા જુદા કિસ્સામાં સહાય ચુકવવામાં આવે છે.

જે નીચે દર્શાવ્યા મુજબ છે.

**દસ્તાવેજના પ્રકાર** : સહાય ચુકવવા અંગેના ધારાધોરણ મુજબ ધ્યાને લેવાના સિધ્ધાંતો.

| અ.નં. | સહાયના પ્રકાર | સહાયની વિગત | | | સરકારશ્રી મ.વિ.ના ઠરાવ નંબર તથા તારીખ. |
|---|---|---|---|---|---|
| | | સરકારી ફંડમાંથી | મા.મુખ્ય મંત્રીશ્રી ના રાહત ફંડમાંથી | કુલ | |
| (અ) | માનવમૃત્યુ સહાય | | | | સરકારશ્રી મહેસુલ વિભાગ,ગાંધીનગર નાં ઠરાવ ક્રમાંકઃ CLS/152001/2405 (2)નંસ.૩૧/૨૭/૮/૦૨ |
| (૧) | પુખ્ત વયની | ૨૫૦૦૦/– | ૨૫૦૦૦/– | ૫૦૦૦૦/– | |
| (૨) | સગીર વયની (૫ વર્ષની મોસટી) | ૧૫૦૦૦/– | ૧૫૦૦૦/– | ૩૦૦૦૦/– | |
| (૩) | બાળક (૫ વર્ષ સુધી) | ૫૦૦૦/– | ૫૦૦૦/– | ૧૦૦૦૦/– | |

(૪) દૈનિક રોકડ સહાય કેશ ડોલ્સ : વ્યકિત દઠ રૂા. ૧૫/–
(વધુમાં વધુ ૧૫ દિવસ × કુટુંબ દીઠ મહિને
પાંચ વ્યકિતની મર્યાદામાં ) – રૂા. ૧૧૨૫/–

(બ) ઘર વખરી સહાય : કુટુંબ દીઠ રૂા. ૧૨૫૦/–
(ક) અંશતઃ ઝુપડા મકાન : નુકશાનીની ખરેખર રકમ અથવા રૂા.૨૫૦૦૦/–સહાય. બેમાંથી જે ઓછી હોય તે

(ખ) સંપૂર્ણ નાશ થયેલ મકાન સહાય. : ––એજન–– રૂા.૫૦૦૦૦/–
અથવા રૂા.૫૦૦૦૦/–સુધી બંને માંથી જે ઓછા હોય તેટલી રકમ.

(ગ) પશુ મૃત્યુ સહાય : પશુના પ્રકાર મુજબનની કરેલ ધોરણો મુજબ.

ઉપરોકત પ્રકારની સહાય મંજુર કરવા અંગેના ધોરણો તથા અનુસરવાની કાર્યરીતી સામેલ પત્રક બી મુજબ ધ્યાને લેવાની રહેછે. જેમાં મુખત્વે ચેક લીસ્ટમાં નીચે દર્શાવ્યા મુજબની વિગતોનો સમાવેશ કરવાનો રહે છે.

બનાવની વિગત, માન / પશુ મૃત્યુ / તારીખ, મૃત્યુનુ કારણ ઈજા સહાયની ટકાવારી, મેડીકલ રીપોટર્સ પોસ્ટમોટર્મ રીપોર્ટ, પોલીસ રીપોર્ટ, મૃત્યુ પ્રમાણપત્ર, ફાયર અંગેનો રીપોર્ટ, બનાવનું કારણ, મૃતકનો વારસાઈ / પેઢીનામું ધરવખરી સહાય માટે ટીમનો રીપોર્ટ, તેમજ કુટુંબની આવક અંગેનું સોગધનામું / બાહેધરી પત્રક, રહેઠાણના પુરાવાઓ જવાબ પંચકયાસ વિગેરે બાબતો ધ્યાને લેવાની રહે છે.

ઉપરોકત પ્રકારની સહાય મંજુર થસઈને આવેથી અત્રેના સીએમઆરએફ એઆઈસી માં ચેક જમા કરવામાં આવે છે. અને તે સબંધીત અસરગ્રસ્ત / વારસદારોને ચુકવવા માટે સબંધીત અધિકારીને ચુકવણા અંગેના વહીવટી મંજુરી હુકમ કરવામાં આવેછે. તથા ગ્રાન્ટની પેટા ફાળવણી કરવામાં આવે છે. અને સદરહું રકમનું ચુકવણું થયેથી વાઉચરો તથા યુટીસી અત્રે મળેથી સબંધિત કચેરીને મોકલવામાં આવે છે.
આ અંગેની નોંધ અત્રેના રોજમેળ સીએમઆરએફ રજીસ્ટરમાં નિભાવવા આવે છે. જેમા ચુકવણા અંગેની નોંધ કરવામાં આવે છે.

**દસ્તાવેજનું નામ/ મથાળુ** : **<u>સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ શ્રીનિધી થાપણ યોજના.</u>**

| | |
|---|---|
| દસ્તાવેનું ટુંકું લખાણ | કોમી રમખાણ / ભૂંકંપ / આગ અકસ્માત કરુણ હોનારતો તથા અન્ય કુદરતી બનાવ દરમ્યાન મૃત્યુ પામેલ મૃતકોના કાયદેસરના વારસ દારોને તેઓના કુટુંબનું ભરણ પોષણ તથા આર્થીક મુશ્કેલીને પહોંચી વળવા માટે સરકારશ્રી મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિશિષ્ટ– માં દર્શાવેલ ઢરાવો પરીપત્રોમાં જણાવેલ જોગવાઈ અન્વયે બોન્ડ સ્વરુપે એસએસએનએલ ગાંધીનગરમાં મૃતકના વારસદારના નામે મુકવામાં આવેછે. અને તેના માસીક વ્યાજના ચેકો નાણાંકીય વર્ષ મુજબ આખા વર્ષના ચેકો એસએસએનએલ ગાંધીનગર ધ્વારા અત્રે મોકલવામાં આવેછે. એને તે સબંધીત વારસદાર શ્રીને પહોંચતા કરવામાં આવેછે. જેની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવે છે. |
| દસ્તાવેજના પ્રકાર | – સદર યોજના હેઠળ સહાય મંજુરીની હુકમ ક્રમાંક.<br>– મૃતકના વારસદાર મૃત્યુ પામેલ કીસ્સામાં વારસાઈ હકકે તેઓના નામ |

| | |
|---|---|
| | કાયદેસરના વારસદારની નામે તબદીલ કરવાના હુકમ કરવા.<br>– મૃતક ના વારસદાર સગીર હોય અને તે પુખ્ત વયના થતા તેઓને સગીર મુકત કરી હુકમ કરવા.<br>– મૃતકના વારસદાર વિધવા હોય અને પુનઃલગ્ન કરે ત્યારે તેવા કીસ્સામાં મૃતકના બાળકોના નામે.<br>– બોન્ડની રકમ તબદીલ કરવાના હુકમ કરવા.<br>– મૃતકના વારસદારના નામેમુકવામાં આવેલ બોન્ડની મુદત પાકતી મુદતે રીન્યુ કરવા માટે નિયત નમુનામાં ફોર્મ ભરીને એસએસએનએલ ગાંધીનગરને મોકલવા.<br>– મૃતકના વારસદારશ્રીના ચેકો સમયસર ન મળે ત્યારે ચેકોની મુદત વધારવા રીવેલીક કરવા એસએસએનએલ ગાંધીનગરને મોકલવા. અને તે રીવેલીડ થઈને આવેથી અત્રેના ચેક રજીસ્ટરના સબંધીત ખાતામાં નોધ કરી મામશ્રી સીટી તથા પ્રાંત ઓફીસર ચોર્યાસીને મોકલવા.<br>– મૃતકના વારસદારનો એફડીઆર રીન્યુ થઈને આવેથી તથા માસીક વ્યાજના ચેકો એસએસએનએલ ગાંધીનગર ધ્વારા પ્રાપ્ત થયેથી તે અંગેનો નોધ અત્રે રાખવામાં આવેલ કુલ ૧ થી ૫ રજીસ્ટરો છે. જેમા કુલ ૧ થી ર૭૦ ખાતાઓ આવેલ છે. જેમાં સબંધીત ખાતેદારના એફડીઆર રીન્યુ તથા ચેકો સબંધીત કચેરીને મોકલવા અંગેની નોંધ થાય છે.<br>– આ ઉપરાંત ખાતેદારની ભવિષ્ય આઈડીઆર રીન્યુ કરવાની હોય ત્યારે ખાતેદાર પોતે આવેલ છે જેની ઓળખ થાય તેવા શુભ આશયથી તેમજ નાણાંકીય ઉચાપત ન થાય તે ધ્યાને લઈ ખાતેદારના પોતાના પાસપોર્ટ સાઈઝના ફોટા ચોટાડવામાં આવેલ છે અને કોન્ટેકટ નંબર પણ લખવામાં આવેલ છે. |

**દસ્તાવેજનું નામ/ મથાળુ.** : માન.મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી તબીબી સહાય આપવા અંગેની યોજના

| | |
|---|---|
| દસ્તાવેનું ટુંકું લખાણ | ગંભીર બીમારી દા.ત. હદયના વાલ્વનું ઓપરેશન જેમાં ઓપન હાર્ટ સર્જરી, કલોઝડ હાર્ટ સર્જરી, કાકીયાલોજી પ્રોસીજર (બલુન, એન્જીયોગ્રાફી) કેન્સર કીડની વિગેરે બાબત દર્દીના વાલીને માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય આપવામાં આવે છે. |
| તબીબી સહાય મેળવવા માટેની પાત્રતા તથા સહાય મંજુર કરવા ધ્યાને લેવાના સીધ્ધાંતો | –અરજદારે માન.મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલયને સંબોધીને સંપુર્ણ વિગતવાળી અરજી કરવાની રહે છે અને તેની એક નકલ અત્રે મોકલાવાની હોય છે.<br>– સદર અરજી ઉપર પાસપોર્ટ સાઈઝના દર્દીના ફોટો ચોટાડવાના હોય છે.<br>– અરજદારની વાર્ષિક આવક અંગે તથા કુટુંબની આવક અંગેનું નિયત નમુનામાં સોગંદનામું રુા.ર૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર રજુ કરવાનું રહે છે.<br>– અરજદારના રહેઠાણ અંગે કુટુંબના રેશનકાર્ડની પ્રમાણિત નકલ રજુ કરવાની રહે છે.<br>– દર્દીની સારવાર સરકાર માન્ય હોસ્પીટલમાંથી લેવાની હોય છે.<br>– ડોકટરના ઓપરેશન અંગેના અભિપ્રાય, સંભવિત ખર્ચ બીમારીની વિગત વિગેરે રજુ ધ્યાને લેવાની હોય છે.<br>– દર્દીએ ઓપરેશન કરાવેલ છે કે નહી તેની વિગત મેળવવાની હોય છે.<br>– અરજદારે અન્ય કોઈ જગ્યાએથી સારવાર માટે સહાય લીધેલ છે કે કેમ? |

ઉપરોકત અંગેની સહાય મંજુર કરવા ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સાધનિક પુરાવો સાથે સરકારશ્રી મહેસુલ વિભાગ તથા મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલય, ગાંધીનગરને મોકલવામાં આવે છે જે મંજુર થઈને આવેથી તેના હુકમો કરવા અને મળેલ ગ્રાંટની પેટા ફાળવણી કરવાની હોય છે.

આ અંગેના નિતિનિયમો તથા હુકમો સરકારશ્રી મહેસુલ વિભાગ વખતો વખત કરે ત્યારે ઉપરોકત મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે (સરકારશ્રી મ.વિ.ગાંધીનગરના હુકમ ક્રમાંકઃ સીએલએસ/ર૧૯૫/૧૧રર/સ.૪ તા.૧૮/૧/૯૭)

**દસ્તાવેજનું નામ/ મથાળુ.** **<u>જુદા જુદા દિવસોની ઉજવણી</u>**

| | |
|---|---|
| દસ્તાવેનું ટુંકું લખાણ | –સરકારશ્રી ઘ્વારા વખતો વખત જે તે સમયે ઉજવણી કરવા અંગે હુકમો થાય ત્યારે તે અન્વયે સંબંધીત અધિકારીશ્રી/ કર્મચારીને ફરજ અદા કરવા હુકમો કરવા/ પેટા ગ્રાંટ ફાળવણી કરવી અને થયેલ ખર્ચના વાઉચરો તથા યુટીસી મેળવી સરકારશ્રીને પરત કરવા.<br>– ફલેટ ડે ફાળો એકત્ર કરવા માટે સંબંધીત કચેરીને પરગેટ ફાળવણીના હુકમ કરવા અને તે એકત્ર થયેથી એનએફસીએચ ન્યુ દિલ્હીને મોકલવા |
| દસ્તાવેજના પ્રકાર | – ૧૫ મી ઓગષ્ટ<br>– ૨૬ મી જાન્યુઆરી<br>– ૨૦ મી ઓગષ્ટ રાજીવગાંધી અપીય ઉર્જા દિવસ<br>– સરદાર પટેલ<br>– સાક્ષર દિન<br>– કોમી એકતા સદભાવના દિવસ<br>– ગુજરાત ગૌરવ<br>– ફલેગ ડે એનએફસીએચ ફાળો<br>– વન પર્યાવરણ ઉજવણી<br>– વિશ્વ પ્રવાસ દિન ઉજવણી<br>– અન્ય પરચુરણ ઉજવણી |

ઉજવણી દરમ્યાન થનાર સંભવિત ખર્ચ જેવા કે ૧૫ મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરીની આમંત્રણ પત્રીકા છપામણી, સાઉન્ટ સીસ્ટમ, વિગેરે પરચુરણ ખર્ચના બીલોની ચુકવણીના હુકમો કરવા

વિભાગ ઘ્વારા નિયમો/વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે

(૧) ગુજરાત સરકાર મહેસુલ વિભાગના ઠરાવ/પરીપત્રમાં
(૨) ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગના
(૩) ભારત સરકારશ્રી અપરંપરાગત ઉર્જા સ્ટોત, વિભાગ, ન્યુ દિલ્હીના ઠરાવ/ પરિપત્ર
(૪) ગુજરાત નાણાંકીય સત્તા સોંપણી નિયમો–૧૯૯૮

**દસ્તાવેજનું નામ/ મથાળુ.** **<u>નવા ટેલીફોન જોડાણ જીએસવાન જોડાણ મંજુર કરવા</u>**

| | |
|---|---|
| દસ્તાવેનું ટુંકું લખાણ | કલેકટરશ્રીના તાબા હેઠળ આવેલ સરકારી કચેરીના અધિકારી તથા તેઓના રહેઠાણે નવા ટેલીફોન જોડાણ તથા જીએસવાન ફોન મંજુર કરવા તથા તેઓના નિવાસી આવેલ પોતાના માલીકીનો ફોનનો ઉપયોગ સરકારી કામે લેવા અંગેના હુકમો કરવા |
| વિભાગ ઘ્વારા નિયમો, વિનિયમો, સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની (ફી જો હોય તો) | (૧) સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગના ઠરાવો પરિપત્રો<br>(૨) ગૃહ વિભાગના ઠરાવ પરિપત્રો |

**દસ્તાવેજનું નામ/ મથાળુ.** **<u>એકસાઈઝ ડયુટી એકઝામશન સર્ટી આપવા બાબત.</u>**

| | |
|---|---|
| દસ્તાવેનું ટુંકું લખાણ | – સરકારશ્રી ઘ્વારા મંજુર કરવામાં આવેલ કોઈ યોજનાનું કામ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ઘ્વારા ખાનગી સંસ્થાને સુપ્રત કરવામાં આવે છે અને સદરહું યોજનામાં કેટલાક D.I.Pipe તથા જુદી જુદી સાઈઝ/કવાલીટીના |

| | |
|---|---|
| | આઈ.એસ.આઈ. માર્કવાળા પાઈપોની ખરીદી કરવાની જુજ જરુરીયાત રહે છે. આવા પાઈપો ડાયરેકટ ઉત્પાદક પાસેથી ખરીદવામાં આવે છે ત્યારે તેની ઉપર લાગતી એકસાઈઝ ડયુટી મુકિત માટે ગુ.પા.પુ.ગ.વ્ય. બોર્ડ ધ્વારા યુટીલાઈઝેશન પ્રમાણપત્ર અત્રે કલેકટરશ્રીના સહી માટે મોકલાવે છે તે સહી કરીને આપવામાં આવે છે. |
| એકસાઈઝ ડયુટી એકઝમશન સર્ટી આપતા પહેલા નીચે દર્શાવ્યા મુજબની બાબતો ધ્યાને લેવાની થાય છે. | – સરકારશ્રી ધ્વારા જે યોજના મંજુર કરવામાં આવેલ હોય તેના ટેન્ડરની નકલ.<br>– ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ ધ્વારા જે સંસ્થાને કામગીરી સુપ્રત કરવામાં આવેલ હોય તે અંગેનું કરારનામાની નકલ<br>– સંસ્થા જે ઉત્પાદક પાસેથી ખરીદવા માંગતી હોય તે અંગેનું લખાણ<br>– સદરહું યોજના માનવ/પશુને પીવાના તથા આરોગ્ય લક્ષી છે કે નહી તે ચકાસવું. |
| વિભાગ ધ્વારા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરોની નકલ માટે | (૧) ભારત સરકારના કસ્ટમ વિભાગના નોટીનં.<br>(ર) સરકારશ્રી આરોગ્ય વિભાગના ઠરાવો. |

**દસ્તાવેજનું નામ/મથાળું** : <u>**નેશનલ ફાઉન્ડેશન કોર કોમ્યુનલ હાર્મની યોજના.**</u>

**દસ્તાવેજ પરનું ટૂંકું લખાણ** : કોમી તોફાન/ગોધરાકાંડ દરમ્યાન મૃત્યુ પામેલ માતાપિતાના અનાથ બાળકોના ભરણ પોષણ તથા શૈક્ષણિક બાબતોને પહોંચી વળવા માટે આ યોજના અંતર્ગત ફકત સગીર વયના બાળકો માટે જ વાર્ષિક રૂા.૭૫૦૦/– ની સરકારશ્રીના મ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ આરએચએલ/૧૦૯ર/૪૧૮૦/૮૪,તા.ર૬/૧ર/૯ર. અન્વયે અનાથ બાળકોને એકસગ્રેસીયા સહાય આપવામાં આવે છે.

**દસ્તાવેજના પ્રકાર** : મૃતક માતા પિતાના અનાથસ બાળકોના શૈક્ષણિક વર્ષ મુજબ દર વર્ષે શૈક્ષણીક બોનાફાઈડ પુરાવાઓ જન્મદાખલા રહેઠાણ પુરાવાઓ મામશ્રી મારફ ખાત્રી કરાવી ૧૮ વર્ષની મર્યાદા વાળાપુરાવાની દરખાસ્ત નિયત નમુનામાં તૈયાર કરીએનએફસીએચ, ન્યુ દિલ્હીને દરખાસ્ત કરવાની હોય છે. સદરહું દરખાસ્ત મંજુર થયેથી તે અંગેનો સહાયનો ચેક મળ્યાબાદ સબંધીત બાળકોના વાલીઓને ચુકવવા માટે હુકમ કરવા અને ચુકવણી થયેથી તેના વાઉચરો તથા યુટીસી ન્યુ દિલ્હી મોકલવામાં આવે છે.આ અંગેની સહાયની નોધ એનએફસીએચ રોજમેળમાં ખાતાવાઈઝ પણ કરવામાં આવે છે.

**વ્યકિતને નિયમો,વિનિયમો,સૂચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે.**

સરનામું : કલેકટર કચેરી,વહીવટી શાખા,નાનપુરા, સુરત.(એમએસસી દફતર)

: ટેલીફોન નં.: ૦ર૬૧– ર૪૭ર૪૭૪
ફેકસ : ૦ર૬૧–ર૪૭ર૪૧૯
ઈમેઈલ : rdc-sur@ gujarat.gov.in
અન્ય. :

**વિભાગ ધ્વારા નિયમો,વિનિયમો,સૂચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી(જો હોય તો)** સરકારશ્રીના નિયમોનુસાર

<u>**એમ.એસ.સી/ર/વહીવટશાખા**</u>

| <u>**દસ્તાવેજનું નામ/ મથાળું**</u> | <u>**દસ્તાવેજનો પ્રકાર**</u> |
|---|---|
| **સમાજ સુરક્ષા અંગેની યોજના** | નિરાધાર વૃધ્ધ સહાય |

નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો.
(**નિયમો**, વિનિયમો, સુચનાઓ,નિયમસંગ્રહ, દફતરો, અન્ય)
સરકારશ્રીના મજુર,સમાજ કલ્યાણ અને
આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃબીએમએ/
૧૦૭૮/૨૦૧૬૮/છ, તા.૧૭–૪–૧૯૭૮

**દસ્તાવેજ પરનું ટુંકું લખાણ :–**

**(એ) સહાય માટેની પાત્રતા**

- ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ (શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા સરકારી મેડીકલ ઓફીસર ઉંમર અંગેનો દાખલો)
- આવકઃ– ૧૨૦૦ થી વધુ નહી
- ગુજરાતના વતનીઃ– ઓછામાં ઓછા ૧૦ વર્ષ
- રહેઠાણઃ– રેશનકાર્ડ ધારણકર્તા હોવાજોઈએ.
- પુખ્ત વયનો પુત્ર ન હોવો જોઈએ.

**(બી) સહાય મંજુર કરવા માટેના સક્ષમ અધિકારીઃ–**

સદર યોજના હેઠળ આર્થિક સહાય મંજુર કરવાના અધિકારો સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટને પહોંચે છે તથા સદરહું યોજનાના લાભ મેળવવાના નિયત અરજી પત્રક પણ તેઓશ્રીની કચેરીએથી મેળવવાના રહેશે.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી સદરહું સહાય મંજુર કરવામાં આવે છે. અને જો સહાય ના મંજુર કરવામાં આવે તો જીલ્લા કલેકટરશ્રીને ૬૦ દિવસની મર્યાદામાં અપીલ કરવાની જોગવાઈ છે.

**(સી) સહાયનું ધોરણઃ–**

- રાજય સરકારશ્રી તરફથી ૬૦ થી ૬૫ વર્ષ સુધીનાને રૂા. ૨૦૦/–
- કેન્દ્ર સરકારશ્રી તરફથી ૬૫ થી વધુ ઉંમરનાને રૂા. ૭૫/–
- સહાયાર્થીને માસિક ધોરણે રૂા. ૨૭૫/– મળવાપાત્ર

| **દસ્તાવેજનું નામ/ મથાળું** | **દસ્તાવેજનો પ્રકાર** |
|---|---|
| **સમાજ સુરક્ષા અંગેની યોજના** | ખેત મજુર<br><br>નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો.<br>(**નિયમો**, વિનિયમો, સુચનાઓ,<br>નિયમસંગ્રહ, દફતરો, અન્ય) |

**દસ્તાવેજ પરનું ટુંકું લખાણ**

સદરહું યોજના ટ્રાયબલ વિસ્તાર પુરતી જ છે. જેમાં રૂા. ૧૫/– માસિક દરથી આપવામાં આવે છે.

| **દસ્તાવેજનું નામ/ મથાળું** | **દસ્તાવેજનો પ્રકાર** |
|---|---|
| સમાજ સુરક્ષા અંગેની યોજના | નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટે આર્થિક સહાયની યોજના નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો.(**નિયમો**, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ, દફતરો, અન્ય)<br>સરકારશ્રીના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ |

એસડીડબલ્યુ/૧૪૭૯/૪૩૯૯૫/છ,તા.૨૨/૬/૭૯

**દસ્તાવેજ પરનું ટુંકું લખાણ**

**(એ) સહાય માટેની પાત્રતા**

- ઉંમર ૧૮ થી ૪૦ વર્ષ સુધીની
- અરજી કરવાની મુદત વિધવા થયાના બે વર્ષ સુધીમાં
- આવકઃ વ્યકિતગત વાર્ષિક આવક રૂા. ૨૪૦૦/– સમગ્ર કુટુંબની વાર્ષિક આવક રૂા. ૪૫૦૦/–
- પુખ્ત વયના પુત્ર ન હોય (જન્મના દાખલામાં જણાવેલ જન્મ તારીખ)
- વિધવા માટે પતિના મરણનો દાખલો

(બી) **સહાય મંજુર કરવા માટેના સક્ષમ અધિકારી:–**

સદર યોજના હેઠળ આર્થિક સહાય મંજુર કરવાના અધિકારો સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટને પહોંચે છે તથા સદરહું યોજનાના લાભ મેળવવાના નિયત અરજી પત્રક પણ તેઓશ્રીની કચેરીએથી મેળવવાના રહેશે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી સદરહું સહાય મંજુર કરવામાં આવે છે. અને જો સહાય ના મંજુર કરવામાં આવે તો જીલ્લા કલેકટરશ્રીને ૬૦ દિવસની મર્યાદામાં અપીલ કરવાની જોગવાઈ છે.

(સી) **સહાયનુ ધોરણ:**

- સહાયાર્થીઓને રુા. ૫૦૦/– તથા બાળક દીઠ રુા. ૮૦/– દર માસના

**દસ્તાવેજનું નામ/ મથાળું** **દસ્તાવેજનો પ્રકાર**

**સમાજ સુરક્ષા અંગેની યોજના** રાષ્ટ્રીય સામાજીક હેઠળની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના નવા નામાભિમાનવાળી સંકટ મોચન યોજના

નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો.(**નિયમો**, વિનિયમો, સુચનાઓ,

નિયમસંગ્રહ, દફતરો, અન્ય)સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: વીએનપી/૧૦૯૫/આઈ/૭૭/છ–૧,તા.૨૫/૯/૯૫

**દસ્તાવેજ પરનું ટુંકું લખાણ:–**

આ યોજના હેઠળ કુટુંબ પરિવારની મુખ્ય કમાનાર વ્યકિતનું કુદરતી સંજોગોમાં અથવા અકુદરતી કે અકસ્માતમાં મૃત્યુ થાય ત્યારે કુટુંબ ઉપર આવેલ આફતમાં તે કુટુંબને સહાયરુપ થઈ શકે તે માટેની યોજના

(એ) **સહાય માટેની પાત્રતા**

- ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ સુધીની
- બી.પી.એલ. કાર્ડ ધારક હોવા જોઈએ.
- પુખ્ત વયના પુત્ર ન હોય (જન્મના દાખલામાં જણાવેલ જન્મ તારીખ)

(બી) **સહાય મંજુર કરવા માટેના સક્ષમ અધિકારી:–**

શહેરી વિસ્તારમાં અરજદાર રહેતા હોય તો કમિશનરશ્રી મહાનગરપાલીકા સુરતમાંથી અરજી નિયત નમુનાનુ અરજી પત્રક મેળવવાનું રહેશે.

ગ્રામ્ય વિસ્તારમાં અરજદાર રહેતા હોય તો જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત સુરતમાંથી નિયત નમુનાનુ
અરજી પત્રક મેળવવાનું રહેશે.

ગ્રામ્ય વિસ્તારમાં વ્યારા તાલુકાના પ્રાંત અધિકારીશ્રીના કાર્યવિસ્તારમાં આવતા અરજદારોએ પ્રાંત અધિકારીશ્રી વ્યારામાંથી નિયત નમુનાનું અરજી પત્રક મેળવવાનું રહેશે.જે તે અધિકારીએ સદરહું સહાય મંજુર કરવાની રહેશે. અને જો સહાય ના મંજુર કરવામાં આવે તો જીલ્લા કલેકટરશ્રીને ૬૦ દિવસની મર્યાદામાં અપીલ કરવાની જોગવાઈ છે.

(સી) **સહાયનુ ધોરણ:**

- સહાયાર્થીઓને રુા. ૧૦,૦૦૦/– ફકત એકજ સમયે આપવાના રહેશે.

**દસ્તાવેજનું નામ/ મથાળું** **દસ્તાવેજનો પ્રકાર**

**સમાજ સુરક્ષા અંગેની યોજના** સોલેશ્યમ સ્કીમ

નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો.(**નિયમો**, વિનિયમો, સુચનાઓ,

નિયમસંગ્રહ, દફતરો, અન્ય)સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એવીએસ/૧૦૮૫/આઈ/૧૪૫/છ,તા.૩૧/૮/૮૫

**દસ્તાવેજ પરનું ટુંકું લખાણ :– (એ)** **સહાય માટેની પાત્રતા**

- ઉંમર ૧૮ થી ૬૦ વર્ષ સુધીની
- અકસ્માત થયા તારીખથી ૬ માસમાં અરજી કરવાની રહેશે.
- સીવીલ સર્જનશ્રીનો પી.એમ.રીપોર્ટ
- વાહન મળી આવેલ છે કે કેમ? તે અંગેનો પોલીસ રીપોર્ટ
- એફ.આઈ.આર.નોંધેલ હોવી જોઈએ.
- બી.પી.એલ. કાર્ડ ધારક હોવા જોઈએ.

- જે વિસ્તારમાં એકસીડન્ડ થયેલ હોય તે વિસ્તારના મામલતદારશ્રીને/ કલેકટરશ્રીને નિયત નમુનામાં અરજી કરવાની રહેશે.

(બી) **<u>સહાય મંજુર કરવા માટેના સક્ષમ અધિકારીઃ–</u>**

જીલ્લા કલેકટરશ્રી

(સી) **<u>સહાયનું ધોરણ :–</u>**

- મોટર વાહન અકસ્માત કરીને ભાગી જવાના પરિણામે કોઈ વ્યકિતનું મૃત્યુ થાય ત્યારે રુા. ૨૫૦૦૦/– ચુકવવામાં આવે છે.
- મોટર વાહન અકસ્માત કરીને ભાગી જવાના પરિણામે કોઈ વ્યકિતને ગંભીર ઈજા થાય ત્યારે રુા. ૧૨૫૦૦/– ચુકવવામાં આવે છે.

| | |
|---|---|
| વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ, સરનામું. નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે. | એમએસસી/૨/વહીવટશાખા<br>કલેકટર કચેરી,નાનપુરા,સુરત.<br>ટેલીફોન નંબરઃ ૨૪૭૨૪૭૪<br>ફેક્સ :– ૨૪૭૨૪૧૯<br>ઈમેઈલઃ–<br>અન્યઃ– |

વિભાગ ધ્વારા નિયમો, વિનિયમો, સુચનાઓ (સરકારશ્રીના ધારાધોરણ મુજબ) નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો)

**<u>દફતરઃ પવડી વહીવટશાખા</u>**

| **<u>દસ્તાવેજનું નામ/ મથાળું</u>** | **<u>દસ્તાવેજનો પ્રકાર</u>** |
|---|---|
| | (૧) માન.મંત્રીશ્રીઓ/મહાનુભાવોના પ્રવાસ કાર્યક્રમ<br>(૨) સી.એમ.ફંડનો ફાળો જમા કરાવવાની કાર્યવાહી<br>(૩) સ્વા.સેનાનીના પેન્શનની કામગીરી<br>(૪) સ્વા.સેનાની/આશ્રિતોને આઈકાર્ડ આપવાની કામગીરી<br>(૫) સરકારી સ્ટેશનરી મેળવવાનું કામ<br>(૬) સ્થાનીક ખરીદી વિગેરે<br>(૭) સરકારી કવાર્ટરની ફાળવણી<br>(૮) સ્વા.સેનાનીના મૃત્ય બાદ અંતિમ ક્રિયાની સબસીડી નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો.(**નિયમો,** વિનિયમો, |
| સુચનાઓ,નિયમસંગ્રહ, | દફતરો, અન્ય) |

**દસ્તાવેજ પરનું ટુકું લખાણ**

| | |
|---|---|
| વ્યકિતને નિયમો, વિનિયમો,સુચનાઓ, નિયમસંગ્રહ અનેદફતરોની નકલ અહીંથી મળશે. | સરનામું :– કલેકટર કચેરી વહીવટી શાખા<br>ટેલીફોન નંબરઃ ૨૪૭૨૪૭૪<br>ફેકસ : ૨૪૭૨૪૧૯<br>ઈમેઈલ :<br>અન્ય : |

વિભાગ ધ્વારા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો)

(૧) ગુજરાત સ્ટેટ ગેસ્ટ રુલ્સ
(૨) સ્વા.સેનાની સન્માન પેન્શન યોજના રાજય/કેન્દ્ર
(૩) સરકારશ્રીના પરીપત્રો/ઠરાવો
(૪) ગુજરાત નાણાંકીય સત્તા સોંપણી નિયમો–૧૯૯૮

| | |
|---|---|
| દસ્તાવેજનું નામ/મથાળું | **(૧) જુદા જુદા ક્ષેત્રે પુરસ્કાર આપવા બાબત.**<br>**(૨) ભીત કેલેન્ડર ફાળવણી કરવા ઈન્ડેન્ટ કરવા બાબત**<br>**(૩) રાષ્ટ્રીય ધ્વજ ખરીદી બાબત**<br>**(૪) વિજળી જોડાણ આપવા બાબત**<br>**(૫) કાચા, પાકા રસ્તા, હાઈવે રોડ રીપેરીંગ બાબત**<br>**(૬) ચેરીટી કમિશ્નરશ્રીનીકચેરીએ નોધાયેલ ધાર્મિક તથા જાહેર સ્થળોના હિસાબો.** |
| દસ્તાવેજનું ટુંકું લખાણ | (૧) જુદા જુદા ક્ષેત્રે રાષ્ટ્રીય પુરસ્કાર દા.ત.રાજીવ ગાંધી પુરસ્કાર ઈન્દીરા ગાંધી પુરસ્કાર, પદમશ્રી/ પદમભુષણ એવોર્ડ, વિગેરે બાબતે સંબંધિત કચેરીઓમાંથી દરખાસ્ત નિયત નમુનામાં મંગાવવી અને તે સરકારશ્રીમાં સાદર કરવાની હોય છે. જેમાં અરજદારશ્રી કલા કૌશલ્ય અંગેની વિગતો, રહેઠાણ, પોલીસ અભિપ્રાય,ચારિત્રય અંગેના દાખલા સામાજીક તથા કયા કયા ક્ષેત્રે પ્રવૃતિ સાથે સંકળાયેલ છે તેની વિગતો ધ્યાને લેવાની હોય છે.<br>(૨) ભીત કેલેન્ડર માટે સંબંધિત કચેરીઓ ગર્વ.પ્રિન્ટીગ પ્રેસને બારોબાર ઈન્ડેન્ટ કરે છે અને તેની નકલ અત્રે મોકલાવે છે એ તે મુજબ ભીત કેલેન્ડર દર વર્ષે મળેથી સંબંધિત કચેરીઓને અત્રેથી મોકલવામાં આવે છે.<br>(૩) રાષ્ટ્રીય ધ્વજની સમયાંતરે ખાલી ગ્રામોદ્યોગ ભંડાર સુરત ધ્વારા ખરીદી કરવામાં આવે છે. અને તેની બીલમાં ચુકવણાના હુકમો કરવામાં આવે છે.<br>(૪) મુંબઈ રેન્ટ એકટ હેઠળની અરજીઓનો નિકાલ પ્રાંત ઓફીસર ચોર્યાસી મારફત થાય છે. અને તે અંગે અપીલ કરે ત્યારે તેનો જવાબ અરજદારને મોકલવામાં આવે છે.<br>(૫) કાચા/ પકા રસ્તા/ નેશનલ હાઈવેનું મરામત અંગે જયારે અરજી કરે ત્યારે તે સંબંધિત કચેરી તથા વિભાગને મોકલવામાં આવે છે.<br>(૬) ધાર્મિક તથા જાહેર સ્થળોના હિસાબોની ઘોટાળા અંગે કોઈ ફરીયાદ આવે ત્યારે તેની તપાસ સંબંધિત કચેરી મારફત કરાવવામાં આવે છે. |

**વ્યકિતને નિયમો,વિનિયમો,સૂચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે.**


સરનામું : કલેકટર કચેરી,વહીવટ શાખા,નાનપુરા, સુરત.

ટેલીફોન નં.: ૦૨૬૧– ૨૪૭૨૪૭૪
ફેકસ : ૦૨૬૧–૨૪૭૨૪૧૯
ઈમેઈલ : rdc-sur@ gujarat.gov.in
અન્ય. :

| | |
|---|---|
| **વિભાગ ધ્વારા નિયમો,વિનિયમો,સૂચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટેલેવાની ફી(જો હોય તો)** | સરકારશ્રીના નિયમોનુસાર |

## ટેનન્સી શાખા

| | | |
|---|---|---|
| ૪.૧ | જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, વિનિયમો, સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની યાદી નીચેના નમૂના મુજબ આપો.આ નમૂનો દરેક પ્રકારના દસ્તાવેજ માટે ભરવાનો છે. | |
| | દસ્તાવેજનું નામ મથાળું. | દસ્તાવેજનો પ્રકાર– નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો<br>( નિયમો,વિનિયમો,સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરો અન્ય) |
| | **" ખેડુત પ્રમાણપત્ર આપવા બાબત"** | **(૧) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનનો કાયદો સને.૧૯૪૮ની કલમ–૨(૨)** |
| | | (૧) ગુજરાત રાજયમાં ધારણ કરેલી ખેતીની જમીન વેચી રાજયમાં અન્ય જગ્યાએ ખેતીની જમીન ખરીદવા માટે મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૨(૨) માં ખેડુતની વ્યાખ્યા આપવામાં આવી છે. તે અનુસાર " ખેડુત " એટલે જમીનની જાતે ખેતી કરતી વ્યકિત તેની તમામ ખેતીની જમીન વેચાણ કરી નાંખે અથવા પુરેપુરી જમીન, જમીન સંપાદન ધારા હેઠળ જાહેર હેતુ માટે સંપાદન થાય તો તે બીનખેડુત બની જતાં તે ખેડુત તરીકેનો દરજજો ગુમાવી દેતા હોવાથી તેને રાજયમાં અન્ય જગ્યાએ ખેતીની જમીન ખરીદવા ખેડુત તરીકેનો દરજજો જાળવી રાખવા પડતી મુશ્કેલીઓ નિવારવા સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : ગણત/૨૬૯૯/૪૩૪૩/ઝ તા.૧/૬/૨૦૦૦ આધારે જોગવાઈ કરી ખેડુતે જમીનનું વેચાણ કર્યા બાદ ૩૦ દિવસમાં જીલ્લા કલેકટરશ્રીને અરજી કરવાની રહેશે. આવી અરજી મળ્યાથી ૩૦ દિવસમાં ખેડુત તરીકેનું પ્રમાણપત્ર આપવા નિર્ણય કરવાનો રહે છે. અને આવુ પ્રમાણપત્ર મળ્યાની તારીખથી અરજદારે ૯૦ દિવસમાં રાજયમાં અન્ય સ્થળે ખેતીની જમીન ખરીદી કરી લેવાની રહેશે.<br>(૨) આ જોગવાઈમાં સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં સરખા ક્રમાંક વાળા તા.૨૨/૧/૨૦૦૨ નાં ઠરાવથી કલેકટરશ્રીને અરજી કરવાની તેમજ કલેકટરશ્રીએ પ્રમાણપત્ર આપવાની મુદત યથાવત રાખી આવુ પ્રમાણપત્ર મળ્યાની તારીખથી અરજદારે ૧૮૦ દિવસમાં (૬ માસમાં) જમીન ખરીદી લેવા મુદત વધારી આપવામાં આવેલી છે.<br>(૩) ત્યારબાદ ફરીથી સરકારશ્રીનાં સરખા ક્રમાંક નાં તા.૨૪/૧/૨૦૦૩ નાં ઠરાવથી ખેડુતે જમીન વેચાણ કર્યાબાદ વેચાણની તારીખથી ૬૦ દિવસમાં કલેકટરશ્રીને જાણ કરવાની તેમજ આવી અરજી મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં કલેકટરશ્રીએ પ્રમાણપત્ર આપવાનું અને આવુ પ્રમાણપત્ર મળ્યાની તારીખથી ૧૮૦ દિવસમાં (૬ માસમાં) રાજયમાં |

| | | |
|---|---|---|
| | | અન્ય જગ્યાએ ખેતીની જમીન ખરીદી લેવા સંકલીત ઠરાવ બહાર પાડી ઠરાવવામાં આવેલ છે.<br>(૪) ત્યારબાદ સરકારશ્રીનાં સરખા ક્રમાંકવાળા તા.૭/૬/૨૦૦૩ નાં સુધારા ઠરાવથી પ્રમાણપત્ર મળ્યાબાદ પ્રમાણપત્ર મેળવનાર અરજદારે ૧૮૦ દિવસમાં રાજયમાં અન્ય જગ્યાએ જમીન અચુક ખરીદી લેવી આમ છતાં કોઈ કિસ્સામાં અરજદારે કાબુ બહારના કારણો/સંજોગોને કારણે નિયત કરેલ ૧૮૦ દિવસમાં જમીન ખરીદી કરી શકેલ ન હોય તો આવા કિસ્સામાં અરજદારે રજુ કરેલ કાબુ બહારનાં સંજોગો અને કેસનાં ગુણદોષ વિચારણામાં લઈ પ્રમાણસર વિલંબને દર ગુજર કરી મુદત વધારો ગણવાનો રહેશે. આવી વધારાની મુદત વધુમાં વધુ ત્રણ માસની રહે છે. |
| | દસ્તાવેજ પરનું ટુંકું લખાણ | ગુજરાત રાજયમાં ધારણ કરેલ ખેતીની પુરેપુરી જમીન વેચાણ કરવાથી કે જમીન સંપાદન ધારા હેઠળ જાહેર હેતુ માટે પુરેપુરી જમીન સંપાદન થતાં રાજયમાં અન્ય જગ્યાએ ખેતીની જમીન ખરીદવા પરવાનગી આપવાની જોગવાઈ |
| | **" ખરેખર પ્રામાણિક ઔદ્યોગિક " હેતુ માટે ખરીદેલ જમીન માટે ખરીદી પ્રમાણપત્ર આપવા બાબત."** | **(૧) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનનો કાયદો સને.૧૯૪૮ ની કલમ–૪૩(૧–સી) તથા કલમ–૬૩એએ** |
| | | (૨) ગુજરાત વટ હુકમ નં.૩/૯૬ થી મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનનો કાયદો સને.૧૯૪૮ ની કલમ–૪૩ (૧–સી) તથા કલમ–૬૩એએ આધારે ખરેખર ઔદ્યોગિક હેતુ માટે ખેતીની નવી શરતની કે જુની શરતની જમીનો પ્રમાણિક ઔદ્યોગિક હેતુ માટે ઉદ્યોગ સાહસીકો ધ્વારા ઔદ્યોગિક એકમો સ્થાપવા માટે ખરીદ કરવામાં આવે તો તેવી જમીનો ખરીદ કરતાં પહેલાં પૂર્વ પરવાનગી મેળવવા માટે રાહત આપી પશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવી શકાય તે માટે કાયદામાં સુધારા કરી ઉપરોકત કલમોની જોગવાઈઓ દાખલ કરવામાં આવેલ છે. અને તેની જાણ સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક : ગણત/ ૧૦૯૪/૩૬૮૨/ઝ તા.૨૦/૭/૯૬ થી કરવામાં આવેલ છે.<br>(૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં.ગણત/ ૧૦૯૪/ ૩૬૮૨/ઝ તા.૨૦–૭–૯૬ થી " પ્રમાણિક ઔદ્યોગિક હેતુ ' માટે જમીન ખરીદનાર ઉદ્યોગ સાહસિકે આ સાથે નિયત અરજી ફોર્મમાં કલેકટરશ્રીને જમીન ખરીદી અંગેની જાણ કરતી અરજી દિન–૩૦ માં કરવાની રહે છે. અને તેની નકલ સંબંધિત મામલતદારશ્રીને આપવાની રહે છે.<br>(૪) મહેસુલ વિભાગના તા.૨૪–૧૨–૯૬ ના વટ હુકમ ક્રમાંકઃ ૨૧/૯૬ થી મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનનો કાયદો સને.૧૯૪૮ ની કલમ–૪૩ (૧–સી) દાખલ કરી પ્રમાણિક ઔદ્યોગિક હેતુ માટે મુંબઈ જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫(ખ) ની પેટા કલમ–૧ મુજબ બીનખેતીની પરવાનગી મેળવવાની જરૂરીયાત રહેતી નથી. તેવી જમીનો કે જેનો માટે કલમ–૪૩ ની પેટા કલમ–૧ ની જોગવાઈઓ લાગુ પડે છે. તેવી જમીનો માટે પેટા કલમ–૧ માટે ગમે તે જોગવાઈ કરેલ હોય તો યોગ્ય પ્રિમીયમની રકમ રાજય સરકારમાં ભરપાઈ કરવાની શરતે કલેકટરશ્રીની પૂર્વ મંજુરી વિનાં આવી જમીનો વેચાણ કરી શકાશે તે મુજબ સુધારો કરેલ છે. અને સાથે સાથે ગણોતધારાની કલમ–૬૩એએ નવી દાખલ કરી ખરેખર પ્રમાણિક ઔદ્યોગિક હેતુ માટે આવી જમીનો ખરીદેલ હશે તેવી જમીનો માટે નીયત નમુનામાં |

| | | |
|---|---|---|
| | | કલેકટરશ્રીને ૩૦ દિવસમાં અરજી કરવાની રહે છે. અને આવી અરજી મળે તેની પુરતી તપાસ કરી સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક : ગણત/૧૦૯૪/ ૩૬૮૨/ઝ તા.૧૧/૯/૯૭ નાં સાથે મોકલવામાં આવેલ નમુનામાં પ્રમાણપત્ર આપવાનું રહે છે. |
| | | (૫) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં.નશજ/ ૧૦૯૮/ ૧૮૪૩/જ તા.૫–૬–૯૯ થી ઉપરોકત પેરા–૨ માં સુધારો કરી નવી અને અવિભાજય શરતની જમીનને પ્રમાણિક ઔદ્યોગિક હેતુ માટે ગણોતધારામાં જે પ્રમાણે પશ્ચાદ્દવર્તી મંજુરી મેળવવાની જોગવાઈઓ કરવામાં આવેલી છે તેવી જોગવાઈ નવી અને અવિભાજય શરતની જમીનનો સંર્દભમાં માત્ર પ્રમાણિક ઔદ્યોગિક હેતુ માટેની જરૂરીયાત મુજબની જમીનો માટે જોગવાઈઓ કરવાનું ઠરાવેલ છે તથા શરત–૨ મુજબ આવા તમામ કિસ્સાઓમાં આ અંગેની પરવાનગી કલેકટરશ્રીએ નકકી કરેલ ધોરણો પ્રમાણે પ્રિમીયમની રકમ વસુલ કરીને આપવાની રહેશે.<br>(૬) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં.અકય/ ૧૦૨૦૦૩–૨૪૭૨–જ.તા.૧૫/૧૦/૨૦૦૩ થી પ્રમાણિક ઔદ્યોગિક હેતુ માટે ખરીદવામાં આવેલ જમીનો અંગે ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા અંગે ના ધારા અન્વયે ખેતીની જમીન જે ખરીદવાનું સુચિત હોય તે " ટુકડો " ન હોય પરંતુ એકમ માટે જોઈતી જમીન ખરીધ્યા બાદ બાકી રહેતુ જમીન **ટુકડો** બનતી હોય તો જમીન જો બીનખેતીના કોઈપણ હેતુ માટે ઉપયોગમા લેવાની હોય ત્યારે સરકારશ્રીના તા.૨–૫–૧૯૫૧ ના ઠરાવ મુજબ કોઈપણ ખેતીની જમીનનો અમુક ભાગ બીનખેતીના ઉપયોગ માટે લેવામાં આવનાર હોય અને તેને કારણે બાકીની જમીન ટુકડો બનતી હોય તો બીનખેતીની પરવાનગી આપવાથી ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા બાબતના ધારાનો ભંગ થતો નથી જેથી પૂર્વ મંજુરી લેવાની રહેશે નહિ પરંતુ આવા કિસ્સામાં જમીનની ખરીદી બાદ જે તે ઉદ્યોગ સાહસિક/ઔદ્યોગિક એકમ/કંપની/સંસ્થા વગેરેએ દિન–૩૦ માં કલેકટરશ્રીને અરજી કરવાની રહેશે અને ત્યારબાદ સબંધીત જીલ્લા કલેકટરશ્રીએ આવા કિસ્સામાં પશ્ચાદવર્તી અસરથી મંજુરી સત્વરે આપવાની રહેશે એમ ઠરાવેલ છે.<br>(૭) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં.હકપ/ ૧૦૨૦૦૩–૩૬૮૩–જ. તા.૧૫–૧૨–૨૦૦૩ થી પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે ખરીદવામાં પૂર્વ પરવાનગી મેળવવાની જરૂરીયાત નથી પરંતુ આવી પરવાનગી પ્રશ્ચાદવર્તી અસરથી મેળવવાની છે.અને પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે ખરીદવામાં આવેલી રજી.દસ્તાવેજ આધારે ખરીદેલ જમીનની નોંધ ગા.ન.નં.૬ માં ઈન્ડેક્ષ આધારે પાડવી અને ગ.ધા.કલમ–૬૩–એએ અન્વયે મંજુરી મેળવવામાં આવી નથી એમ જણાવી નોંધ નામંજુર કરવી નહિ.વધુમાં નવીશરતની જમીન પરત્વે સરકારને પ્રિમિયમ ભરવાનું બાકી ન હોય તો ઔધોગિક એકમે મોકલેલ અરજી ઉપરથી નોંધ પાડવી અને નોંધો પ્રમાણિત કરવાના તબકકે ગા.ન.નં.૬ માં એવો શેરો મારવો કે "આ જમીનોનો વેચાણ વ્યવહાર ગ.ધા.કલમ–૬૩–એએ નીચેનો હોય તેની પરવાનગી મેળવીને કાગળો રજુ કરવા (જે પરવાનગી મળેથી ફેરફાર નોધ મંજુર કરવાની રહે) પરંતુ આવા કાગળા/આધારોનાં અભાવે આવી નોંધો નામંજુર કરવી નહિ એમ જણાવેલ છે. |
| | **દસ્તાવેજ પરનું ટુંકું લખાણ** | ખરેખર પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે જમીનનો ઉપયોગ કરવા અંગે મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનનો કાયદો સને.૧૯૪૮ ની કલમ–૪૩ (૧–સી) તેમજ કલમ–૬૩એએ ની જોગવાઈ દાખલ કરવામાં આવી છે તે મુજબ |

| | | |
|---|---|---|
| | | કોઈપણ વ્યકિત ખરેખર પ્રામાણિક ઔદ્યોગિક હેતુ માટે જમીન ખરીદવા માંગે તો આવી જમીનો ખરીદી અને પાછળથી કલેકટરશ્રીને જાણ કરી પ્રમાણપત્ર મેળવવાની જોગવાઈ કરી છે. |
| | **ગણોતધારાની કલમ–૪૩ હેઠળ ની નિયંત્રીત સત્તા પ્રકારની જમીનો બીનખેતીનાં હેતુ માટે હેતુફેરની પરવાનગી આપવા બાબત.** | **(૧) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનનો કાયદો સને.૧૯૪૮ ની કલમ–૪૩ તથા ૬૩ નિયમ–૨૫(સી),૩૬**<br>(૨) મુંબઈ ગણોતધારાની કલમ–૪૩ હેઠળ પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનો બીનખેતીનાં હેતુ માટે ઉપયોગ કરતાં પહેલાં પૂર્વ પરવાનગી મેળવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તે માટે સરકારશ્રીના મહેસુલ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃનશજ/૧૦૮૨/ ૫૧૮/ઝ તા.૧૬/૩/૧૯૮૨ ની જોગવાઈ અનુસાર એક લાખ થી વધુ વસ્તી ધરાવતા શહેરો થી આસપાસ ના ૧૫ માઈલ ના વિસ્તાર માં તથા જીલ્લા મથક અને ઔધોગીક નોટીફાઈડ વિસ્તારથી આસપાસ ના ૭ માઈલ ના વિસ્તારમાં આવેલ ગણોતધારા સિવાયની નવી શરતની જમીનમાં ૨૦ વર્ષ ઉપરાંતનો કબજો હોય તો બીનખેતીના હેતુ માટે હેતુફેરની પરવાનગી આપવાના અધિકાર સરકારશ્રીના આદેશ મેળવી  કલેકટરશ્રીનાં  છે. ૨૦ વર્ષ કરતા ઓછો કબજો હોય તો પરવાનગી આપવાના અધિકાર સરકારશ્રીના છે. તે સિવાયના વિસ્તારમા ૨૦ વર્ષ ઉપરાંતનો કબજો હોઈ તેવા કેસો માં બીનખેતીના કામે હેતુફેરની પરવાનગી આપવાના અધિકાર કલેકટરશ્રીના છે. આ જોગવાઈ ગણોતધારા હેઠળની નવીશરતની જમીનને પણ સરકારશ્રીના મહેસુલ વિભાગ ના પરિપત્ર ક્રમાંક ગણત/૧૦૨૦૦૦/૨૮૩૭/ઝ તા. ૨૮/૩/૦૧ થી લાગુ પાડવામાં આવેલ છે.<br>(૩) સરકારશ્રી ના મહેસુલ વિભાગ ના ઠરાવ ક્રમાંક નશજ/૧૦૮૧/૨૦૨૩/ઝ તા.૧૩/૭/૮૩ તથા સરકારશ્રીનાં મહેસુલ વિભાગ ના ઠરાવ ક્રમાંક નશજ/૧૦૮૧/૨૦૨૩/ઝ તા.૧૭/૯/૧૯૮૪ ની જોગવાઈ અનુસાર નવીશરતની જમીન બીનખેતીના હેતુ માટે જુની શરતમાં રૂપાંતર કરવી હોઈ ત્યારે જમીનનો કબજો ૨૦ વર્ષ કરતા ઓછો હોઈ તો બજાર કિંમતના ૮૦% પ્રમાણે અને ૨૦ વર્ષ કરતા વધારે હોઈ તો બજાર કિંમતના ૭૦% ટકા પ્રમાણે પ્રિમીયમની રકમ વસુલ કરી પરવાનગી આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |
| | **દસ્તાવેજ પરનું ટુંકું લખાણ** | મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનનો કાયદો સને.૧૯૪૮ કલમ–૪૩ હેઠળ પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનો બીનખેતીનાં હેતુ માટે ઉપયોગ કરવા પરવાનગી આપવાની જોગવાઈ |
| | **વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે.** | સરનામું :– **ટેનન્સી શાખા, કલેકટર કચેરી,બીજો માળ, નાનપુરા સુરત.**<br><br>ટેલીફોન નંબર: ૦૨૬૧–૨૪૬૩૮૧૫<br>ફેકસ: ૦૨૬૧–૨૪૭૨૪૧૯<br>ઈમેઈલ: rdc-sur@ gujarat.gov.in<br>અન્ય: – |
| | **વિભાગ ધ્વારા નિયમો, વિનિયમો,સુચનાઓ નિયમ સંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી(જો હોય તો)** | (૧)ગુજરાતના જમીન મહેસુલ નિયમો–૧૯૭૨ ના નિયમ– ૧૪૧ મુજબ શોધાઈ ફી,નિયમ–૧૪૨(એ) મુજબ ફી નિયમ– ૧૪૨( બી) મુજબ મુકાબલ ફી લેવા માટે નકકી થયેલ છે.<br>(૨) માહીતી (મેળવવાના ) અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના નિયમોના નિયમ–૮ મુજબ ફીના દર નકકી કરવામાં આવેલ છે. |

યુએલસી.શાખા,

| | | | |
|---|---|---|---|
| | દસ્તાવેજનું નામ મથાળું. | દસ્તાવેજનો પ્રકાર– નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો ( નિયમો,વિનિયમો,સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરો અન્ય) | |
| | સુરત શહેરી સંકુલ વિસ્તારમાં આવેલ ગામોના ખેડુત ખાતેદારો તરફથી ભરવામાં આવેલ કલમ–૬(૧) મુજબના જમીનની જાહેરાત અંગેના પત્રકો તથા તે અંગેના રજુ કરેલ રેકર્ડ અને પુરાવા. | (૧) શહેરી જમીન ટોચ મર્યાદા (નિયમન અને અધિનિયમ)ધારો–૧૯૭૬ તથા શહેરી જમીન ટોચ મર્યાદા ધારો રદ કરવા બાબતનો અધિનિયમ– ૧૯૯૯ ( રીપીલ એકટ) ——————————————————————————— મુળ કાયદાની કલમ–૬(૧) થી કલમ–૧૦ સુધીની કાર્યવાહીઓ પુર્ણ કરી ટોચમર્યાદા કરતા વધુ જમીન ફાજલ જાહેર કરી સરકાર હસ્તક કબજે લેવા પાત્ર જમીનો,કલમ–૧૧ હેઠળ કબજે લેવાયેલ જમીનો સબંધમાં ચુકાવવાપાત્ર વળતર ,મજકુર કાયદા અન્વયેની કલમ–૨૦,૨૧/૧ મુજબ આપવામાં આવેલ મુકિતઓ,કલમ–૨૩ હેઠળ વ્યકિત,સંસ્થા,સોસાયટી કે અન્ય જાહેર હેતુ માટે ફાળવવામાં આવેલ જમીનો,કલમ–૨૬ હેઠળ આપવામાં આવેલ પરવાનગીઓ સબંધમાં કાયદાની જોગવાઈઓ અને સરકારશ્રીના મહેસુલ વિભાગ તરફથી કાયદાના અમલ દરમ્યાન અને કાયદો રદ થયા બાદ નકકી કરવામાં આવેલ નિતિઓ મુજબ બહાર પાડવામાં આવેલ પરિપત્રો અને માર્ગદર્શક સિઘ્ધાંતો મુજબની કરવાપાત્ર કામગીરી અને અત્રેથી કરવામાં આવેલ હુકમો અંગેનું રેકર્ડ. | |
| | દસ્તાવેજ પરનું ટુંકું લખાણ | ઉપર જણાવેલ બાબતો સબંધમાં કાયદા મુજબ કરવામાં આવેલ હુકમો કે તેમાં સબંધિત શહેરી સંકુલ વિસ્તારની જમીનો અંગે જમીનધારકો તરફથી ભરવામાં આવેલ કલમ–૬(૧) હેઠળના જાહેરાતપત્રકો સબંધમાં લેવામાં આવેલ નિર્ણયો અને રજુ થયેલ રેકર્ડ. | |
| | વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે. | સરનામું:– યુએલસી.શાખા,બહુમાળી મકાન સી/બ્લોક,નાનપુરા સુરત. | |
| | | ટેલીફોન નંબર | ૨૪૭૫૫૦૪ |
| | | ફેકસ | ૨૪૭૨૪૧૯ |
| | | ઈમેઈલ | – |
| | | અન્ય | – |
| | વિભાગ ઘ્વારા નિયમો, વિનિયમો,સુચનાઓ નિયમ સંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી(જો હોય તો) | (૧)ગુજરાતના જમીન મહેસુલ નિયમો–૧૯૭૨ ના નિયમ– ૧૪૧ મુજબ શોધાઈ ફી,નિયમ–૧૪૨(એ) મુજબ ફી નિયમ–૧૪૨ (બી) મુજબ મુકાબલ ફી લેવા માટે નકકી થયેલ છે. (૨)માહીતી (મેળવવાના) અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના નિયમોના નિયમ–૮ મુજબ ફીના દર નકકી કરવામાં આવેલ છે. | |
| ૨.૮ | જાહેર તંત્રની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેની અપેક્ષાઓ. | હાલ શહેરી જમીન ટોચ મર્યાદા ધારો તા.૩૦–૩–૯૯ ના રોજ રદ થયેલ હોવાથી તે કાયદા મુજબની અમલીકરણની કાર્યવાહી ફકત કબજે લેવામાં આવેલ જમીનો પુરતી જ કાર્યવાહી કરવામાં આવે છે. | |
| ૨.૯ | લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પઘ્ધતિઓ. | હાલ મુળ કાયદો રદ થયેલ હોવાથી આ સબંધમાં અન્ય કોઈ કાર્યવાહી કરી શકાતી નથી. | |
| ૨.૧૦ | સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર | અધિક કલેકટરશ્રી,કલેકટરશ્રી તથા સચિવશ્રી મહેસુલ વિભાગ. | |

| | | |
|---|---|---|
| | **ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર.** | |
| ૨.૧૧ | **મુખ્ય કચેરી અને જુદ્દા જુદા સ્તરોએ આવેલ અન્ય કચેરીઓના સરનામાં** | મુખ્ય કચેરી : કલેકટર કચેરી,નાનપુરા,સુરત<br>અન્ય કચેરી : યુએલસી શાખા,કલેકટર કચેરી,સુરત.(સી–બ્લોક ૧લો માળ)નાનપુરા, સુરત. |
| ૨.૧૨ | **કચેરી શરુ થવાનો સમય :**<br>**કચેરી બંધ થવાનો સમય :** | સવારે –૧૦.૩૦<br>સાંજે : ૬.૧૦ |

# એન.એ.શાખા,

| | | |
|---|---|---|
| | દસ્તાવેજનું નામ મથાળું. | દસ્તાવેજનો પ્રકાર– નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો<br>( નિયમો,વિનિયમો,સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરો અન્ય) |
| | **સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના ૭(સાત) ગામો હજીરા, મોરા, ભટલાઈ, સુંવાલી, રાજગરી, દામકા અને વાંસવા ગામોનો સમાવેશ હજીરા વિસ્તાર વિકાસ સત્તા મંડળમાં થાય છે.** | **(૧) હાડા ના મંજુર વિકાસ યોજનામાં પ્લાન મંજુર કરવા બાબત.** |
| | | (૨) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જી.એચ./વી/૨૮૦/ઓફ.૧૯૯૪/ ડીવીપી/ ૧૪૯૩/૫૪૬–એલ તા.૭/૫/૯૪ થી મંજુરી મળતા તા.૮/૬/૯૪ થી હજીરા એરિયા વિકાસ સત્તા મંડળ અસ્તિત્વમાં આવેલ હતી. |
| | | (૩) સરકારશ્રીના જાહેરનામા નં.જી.એચ./વી/૧૦૬/૧૯૯૭/ યુડીએ/ ૧૦૯૭ /એમ–૮૬/કે તા.૨૮–૮–૯૭ થી હજીરા વિસ્તાર વિકાસ સત્તા મંડળ (હાડા) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૧૨૦(૧) ના જોગવાઈઓ હેઠળ બરખાસ્ત (Dissolves) કરવામાં આવેલ છે. |
| | **દસ્તાવેજ પરનું ટુંકું લખાણ** | **હોટલ અપીલ અંગેના હુકમ** |
| | **સીટીઝન શીપ એકટ હેઠળની અરજીઓ.** | સીટીઝનશીપ એકટ–૧૯૫૫ની કલમો તથા સીટીઝનશીપ રુલ્સ ૧૯૫૬ તથા સીટીઝનશીપ રુલ્સ ૧૯૫૬તથા એમેન્ડમેન્ટ રૂલ્સ –ર૦૦૫ના નિયમો અન્વયેની જોગવાઈઓને આધીન સરકારશ્રીના તાજેતરના એમેન્ડમેન્ટ રૂલ્સ અન્વયે સીટીઝનશીપ આપવા તથા સરકારશ્રીમાં દરખાસ્ત મોકલવાની કાર્યવાહી કરવામા આવે છે. |
| | **દસ્તાવેજ પરનું ટુંકું લખાણ** | **સીટીઝન શીપ** |
| | દસ્તાવેજનું નામ/મથાળું | |
| | **(૧). ફટાકડા વેચાણ કરવા બાબતના કાયમી તથા હંગામી લાયસન્સ.** | આ કામે અરજદારશ્રી તરફથી ફોર્મ નં. ૪ (નિયમ–૪) મુજબ અરજી મળ્યેથીસબંધિત પોલીસ સ્ટેશન તથા મામ.શ્રીઓને મોકલવામાં આવે છે. જેઓતરફથી તપાસ થઈ પરત આવ્યેથી જી.મેજી.શ્રી તરફથી નોંધ ઉપર આદેશ મળ્યેથી ફોર્મ–ર૪ (નિયમ–૧૫૫) માં હંગામી / કાયમી લાયસન્સ આપવા/ નામંજુર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.<br>સદરહુ કાર્યવાહી સ્ફોટક પદાર્થ નિયમો–૧૯૮૩ ના નિયમ–૧૫૫ હેઠળ કરવામાં આવે છે.<br>સ્ફોટક પદાર્થ નિયમો–૧૯૮૩ ના નિયમ–૧૫૫ હેઠળ ફોર્મ–ર૪ માં પરવાનો આપવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| | **(૨). ફટાકડા સંગ્રહ માટે ન વાંધા પ્રમાણપત્ર આપવા બાબત.** | આ કામે અરજદારશ્રી તરફથી નિયત નમુનામા અરજી રજુ થયેથી આ કામે મે. જી.મેજી.શ્રી તરફથી નોંધ ઉપર આદેશ મળ્યેથી અત્રેથી ન વાંધા પ્રમાણપત્ર આપવામાં આવે છે. સદરહુ કાર્યવાહી સ્ફોટક પદાર્થ નિયમો ૧૯૮૩ ના નિયમ– ૧૫૯ અંતર્ગત આપવામાં આવે છે |
| | **(૩). એક્ષ્પ્લોઝીવ ન વાધા પ્રમાણપત્ર.** | આ બાબતે અરજદારશ્રી તરફથી નિયત નમુનામા અરજી મળ્યેથી સબંધિત ખાતા મારફત તપાસ કરી અહેવાલ મળ્યેથી જી.મેજી.શ્રી તરફથી નોંધ ઉપર આદેશ મળ્યેથી સ્ફોટક પદાર્થ નિયમો–૧૯૮૩ ના નિયમ–૧૫૯ –૧૬૦ અન્વયે ન વાંધા પ્રમાણપત્ર આપવામાં આવે છે. |
| | **(૪) એક્ષ્પ્લોજીવ હેતુ માટે બિનખેતી અભિપ્રાય આપવા બાબત.** | અત્રેની કચેરીએ સબંધિત તાલુકા પંચાયત તથા જીલ્લા પંચાયત તરફથી એક્ષ્પ્લોજીવના હેતુ માટે બિનખેતી કરવા બાબતની અરજીઓ અભિપ્રાય અર્થે મળ્યેથી પ્રકરણની વિગતો તપાસી બિનખેતી અભિપ્રાય આપવા માટે જરુરી કાર્યવાહી કરવામાં આવે છે. |
| | **દસ્તાવેજ પરનું ટુંકું લખાણ** | (૧)ફટાકડા વેચાણ કરવા બાબતના કાયમી તથા હંગામી લાયસન્સ<br>(૨). ફટાકડા સંગ્રહ કરવા માટે ન વાંધા પ્રમાણપત્ર<br>(૩). એક્ષ્પ્લોઝીવ ન વાંધા પ્રમાણપત્ર. |
| | **સલ્ફર સ્ટોરેજ લાયસન્સ.** | સદર પરવાનો આર્મ્સ એકટ–૧૯૫૯ તથા આર્મ્સ રુલ્સ–૧૯૬૨ ની જોગવાઈ મુજબ શિડયુલ–૨ (૪) મુજબ નમુના નં.૨ માં લાયસન્સ આપવામાં આવે છે. |
| | **દસ્તાવેજ પરનું ટુંકું લખાણ** | **સલ્ફર લાયસન્સ.** |
| | હયય દફતર : | |
| | દસ્તાવેજનું નામ/મથાળું | |

| | | |
|---|---|---|
| | **(૧) પાસા અટકાયત અંગેની કામગીરી.** | સબંધિત પોલીસ અધિકારી તરફથી પાસા એકટ અન્વયે દરખાસ્ત રજુ થયેથી પાસા એકટની કલમ ૩ હેઠળ જી.મેજી.શ્રીના આદેશ મેળવી અટકાયત હુકમ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. તથા  અટકાયત હુકમ થયા બાદ તે અંગેની તમામ કામગીરી જેવી કે પાસા બોર્ડમાં હાજરી,અટકાયતીના રજુઆતના જવાબ, હાઈકોર્ટ માં દાખલ થયેલ પીટીશન અંગેની કામગીરી કરવામા આવે છે. |
| | દસ્તાવેજ પરનું ટુંકું લખાણ | **પાસા અટકાયત હુકમ** |
| | **(૨). સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ–૨૦૦૨ હેઠળની અપીલ.** | આ કામે સબંધિત નાણાંકીય કંપનીઓ તરફથી સદરહુ એકટની કલમ ૧૪(૨) હેઠળ અત્રે અરજી રજુ કરી લેણદારો તરફથી ધીરેલ રકમ ન ભરાતા તેઓની ગીરો મુકેલી મિલકત ઉપર કબજો લેવા માટે અત્રેના અધિકાર અન્વયે અરજી કરવામાં આવે છે.જે મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. |
| | દસ્તાવેજ પરનું ટુંકું લખાણ | **૨). સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ–૨૦૦૨ હેઠળ ના હુકમો** |
| | **(૧)ડોરમેન્ટ ઉપરના કેસો પરત ખેંચવા બાબત.** | સી.આર.પી.સી.૩૨૧ તથા ગૃહ વિભાગના પરિપત્ર તા. ૧/૧/૨૦૦૧ અન્વયેની જોગવાઈ  અનુસાર ડોરમેન્ટ ઉપરના કેસો પરત ખેંચવા સબબ કાર્યવાહી કરવામાં આવે છે. |
| | **(૨)પર્યાવરણ બાબતની ફરીયાદ તથા લોક સુનાવણી.** | જાહેર કંપનીઓ બાબતે પર્યાવરણ અંગેની ફરીયાદો અંગે લોક સુનાવણી રાખવામાં આવે છે. અને લોકોના પ્રશ્નો સાંભળી તેનો નિકાલ કરવામાં આવે છે.(સદરહુ કામગીરી અત્રેના નિયંત્રણ હેઠળ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ સુરત તરફથી હાથ ધરવામાં આવે છે.) |
| | **(૩)લીગલ હેરશીપ અંગેની કામગીરી.** | આ બાબતે જયારે કોઈ વ્યકિત પરદેશમાં નોકરી કરતા હોય અને અવસાન પામે તેવા સંજોગોમાં તે વ્યકિતને કરવાપાત્ર થતી રકમની ચુકવણી અંગે તેના કાયદાકીય વારસો નકકી કરવા માટે સબંધિત કંપની અથવા વિભાગ તરફથી અહેવાલ મંગાવવામાં આવે છે. જે મળ્યેથી અત્રેથી સબંધિત મામ.શ્રી મારફત વિગતવાર અહેવાલ મેળવી રીપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. |
| | **(૪)નાગરિક સંરક્ષણ યુનિટની કામગીરી.** | ભારત સરકારશ્રીના ગૃહ વિભાગ ઘ્વારા નાગરિક સંરક્ષણ યુનિટ જીલ્લા મથક તથા ટાઉન મથકના નિયંત્રક તરીકે કલે.શ્રી હોદ્દાની રુએ નિયુકત થયેલ હોય છે.જે મુજબ કલેકટરશ્રી ઘ્વારા ઉપરોકત કામગીરીની દેખરેખ રાખવા તથા સંરક્ષણને લગતી જરુરી કાર્યવાહી કરવામા આવે છે. |
| | દસ્તાવેજ પરનું ટુંકું લખાણ | **હુકમ, સુચના અથવા અહેવાલ** |

| | |
|---|---|
| **(૧) હથિયાર લાયસન્સ** | ઉકત કાર્યવાહી આર્મ્સ એકટની કલમ–૧૩/૧૪ હેઠળ કરવામાં આવે છે.તથા કલમ–૧૩ હેઠળ સ્વ.રક્ષણ હથિયાર પરવાનો નમુના નં.૩ માં આપવામાં આવે છે. |
| **(૨) હથિયાર રીન્યુઅલ** | અરજદાર તરફથી અરજી,લાયસન્સ તથા ૩ વર્ષ માટે લાય.રીન્યુ ફી રૂા.૯૦(ગન માટે) અથવા ૧૫૦/–(રિવોલ્વર/પિસ્તોલ માટે) રજુ કર્યેથી અત્રેથી સંબધિત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય મંગાવવામાં આવે છે.સદર કાર્યવાહી આર્મ્સ એકટની કલમ–૧૫/૧૭ તથા આર્મ્સ નિયમ–૧૫૪ હેઠળ લાયસન્સ રીન્યુ/રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. |
| **(૩) હથિયાર તબદીલ કરવા બાબત.** | સદર કામે હથિયાર ખરીદનાર તથા વેચાણ કરનાર બંનેની અરજી મળ્યેથી આર્મ્સ એકટની કલમ–૫(૨) (એ) અન્વય. હથિયાર ખરીદ વ.ચાણની પરવાનગી |

| | |
|---|---|
| | આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૪) હથિયાર રોડ પરમીટ | આ બાબતે હથિયાર રોડ પરમીટ મળવા બાબતે અરજી રજુ થયેથી આર્મ્સ નિયમ–૧૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૫) હથિયાર પરવાના અન્વયે હથિયાર બહારથી ખરીદવા માટે જરૂરી એન.ઓ.સી. | આ કામે હથિયાર પરવાનાની વિગતો સાથે સાદી અરજી રજુ થયેથી જી.મેજી.શ્રીના આદેશાનુસાર એન.ઓ.સી.આપવામાં આવે છે. |
| (૬) હથિયાર પરવાનાનો હદ વિસ્તાર વધારવા બાબત. | સદર કાયદાની કલમ–૧૭(ર) હેઠળ હદ વિસ્તાર વધારવામાં આવે છે.અથવા સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવે છે.અથવા યોગ્ય જણાયે નામંજુર કરવામાં આવે છે. |
| (૭) હથિયાર પરવાનામાં રીટેઈનરનું નામ દાખલ કરવા બાબત. | આ બાબતે પરવાનેદાર રજુ કરેલ અરજી ઉપ અ.જી.મેજ.શ્રીના હુકમો મેળવી સદરહું કાર્યવાહી આર્મ્સ રૂલ્સ–૧૩ મુજબ નામ દાખલ કરવામાં આવે છે.અથવા યોગ્ય જણાયે નામંજુર કરવામાં આવે છે. |
| (૮) અન્ય જીલ્લા/રાજયના પરવાનેદારોના રજીસ્ટ્રેશન બાબત | અન્ય લાયસન્સ ઓથોરીટી ઘ્વારા અપાયેલા લાયસન્સ ધરાવતા પરવાનેદાર સુરત ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરે તેવા સંજોગોમાં આર્મ્સ રૂલ્સ–૬ર(ર)(ક) અન્વય. અરજી સાથે અસલ પરવાનો,રહેઠાણનો પુરાવો રજુ થયેથી રજીસ્ટ્રેશન કરી આપવામાં આવે છે. |
| (૯) આર્મ્સ એકટ–૧૯૫૯ હેઠળ થયેલ ગુના સંબધી ચાર્જશીટની મંજુરી આપવા બાબત. | આર્મ્સ એકટની કલમ–ર૫ અન્વફે થયેલ ગુના નોધાયા બાદ સંબધિત પોલીસ અધિકારી તરફથી કેસની જરૂરી વિગતો તથ સાધનિક કાગળો સહ દરખાસ્ત મળ્યેથી નોંધ ઉપર આદેશ મેળવી કલમ–૩૯ હેઠળ પરવાનગી આપવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| | દસ્તાવેજ પરનું ટુંકું લખાણ | હથિયાર લાયસન્સ/હુકમ | |
| | વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે. | સરનામું:– મેજીસ્ટ્રેટ શાખા,,કલેકટર કચેરી,૧ લો માળ,નાનપુરા સુરત. | |
| | | ટેલીફોન નંબર | ર૪૬૩૮૧૩ |
| | | ફેકસ | ર૪૭ર૪૧૯ |
| | | ઈમેઈલ | – |
| | | અન્ય | – |
| | વિભાગ ઘ્વારા નિયમો, વિનિયમો,સુચનાઓ નિયમ સંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી(જો હોય તો) | (૧)ગુજરાતના જમીન મહેસુલ નિયમો–૧૯૭ર ના નિયમ– ૧૪૧ મુજબ શોધાઈ ફી,નિયમ–૧૪ર(એ) મુજબ ફી નિયમ–૧૪ર (બી) મુજબ મુકાબલ ફી લેવા માટે નકકી થયેલ છે.<br>(ર)માહીતી (મેળવવાના) અધિકાર અધિનિયમ–ર૦૦૫ ના નિયમોના નિયમ–૮ મુજબ ફીના દર નકકી કરવામાં આવેલ છે. | |

## <u>ચુટણીશાખા</u>

૪.૧ જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની યાદી નીચેના નમૂના મુજબ આપો. આ નમૂનો દરેક પ્રકારના દસ્તાવેજ માટે ભરવાનો છે.

| | |
|---|---|
| દસ્તાવેજનું નામ / મથાળું | **લોક પ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ હેઠળ લોકસભા તથા વિધાન સભાની સામાન્ય તેમજ પેટા ચૂંટણીઓનું સંચાલન** |
| દસ્તાવેજ પરનું ટૂંકું લખાણ | ભારતીય ચૂંટણી પંચ ઘ્વારા ચૂંટણી જાહેર થયે જે તે સમયે લોકસભા / વિધાનસભાની સામાન્ય / પેટા ચૂંટણીનું આયોજન અને મોનીટરીંગ કરવું. આ સમય દરમ્યાન ઉમેદવારે રજુ કરેલ વિગતો તથા સોગંદનામાની નકલો માંગણી થયેથી નિયમોનુસાર ફી લઈ અત્રેની રેકર્ડ શાખામાંથી મેળવી શકાશે. |
| વ્યકિતને નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે. | રેકર્ડશાખા કલેકટર કચેરી નાનપુરા સુરત. |
| વિભાગ ઘ્વારા નિયમો , વિનિમયો , સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી.(જો હોય તો ) | નિયમોનુસાર. |

| | |
|---|---|
| દસ્તાવેજનું નામ / મથાળું | **પંચાયત અધિનિયમ ૧૯૯૩ હેઠળ ગામ પંચાયત તાલુકા પંચાયત તથા જીલ્લા પંચાયતની સામાન્ય તેમજ પેટા ચુંટણીઓનું સંચાલન** |
| દસ્તાવેજ પરનું ટૂંકું લખાણ | રાજય ચૂંટણી પંચ ધ્વારા ચૂંટણી જાહેર થયે જે તે સમયે ગ્રામ પંચાયત / તાલુકા પંચાયત / જીલ્લાપંચાયત ની સામાન્ય ચુંટણીનું મોનીટરીંગ કરવું. આ સમય દરમ્યાન ઉમેદવારે રજુ કરેલ વિગતો તથા સોગંદનામાની નકલો માંગણી થયેથી નિયમોનુસાર ફી લઈ અત્રેની રેકર્ડ શાખામાંથી મેળવી શકાશે. |
| વ્યકિતને નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે. | રેકર્ડશાખા કલેકટર કચેરી નાનપુરા સુરત. |
| વિભાગ ધ્વારા નિયમો , વિનિમયો , સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી.(જો હોય તો ) | નિયમોનુસાર. |

**દસ્તાવેજનું નામ/મથાળું** : ગુજરાત સીવીલ સર્વિસ નિયમો–૨૦૦૨ તથા ગુજરાત નાણાંકિય નિયમો–૨૦૦૨ અન્વયે

(૧) કચેરીના કર્મચારીના પગારભથ્થા ચુકવવા.
(૨) કર્મચારીના પેન્શન પેપર્સ તૈયાર કરી મોકલવા.
(૩) કર્મચારીના પે ફકશેસન કરવા.
(૪) કર્મચારીની સેવાપોથી નિભાવવી.

**દસ્તાવેજ પરનું ટૂંકું લખાણ** :

**વ્યકિતને નિયમો,વિનિયમો,સૂચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે.** :

સરનામું : કલેકટર કચેરી,હિસાબી શાખા,નાનપુરા, સુરત.
ટેલીફોન નં.: ૦૨૬૧– ૨૪૬૩૮૧૬
ફેકસ : ૦૨૬૧–૨૪૭૨૪૧૯
ઈમેઈલ : rdc-sur@ gujarat.gov.in
અન્ય. :

**વિભાગ ધ્વારા નિયમો,વિનિયમો,સૂચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી(જો હોય તો)** સરકારશ્રીના નિયમોનુસાર

૪.૧ જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, વિનિયમો,સૂચનાઓ,નિયમસંગ્રહ અને દફતરાની યાદી નીચેના નમૂના મુજબ આપો, આ નમૂનો દરેક પ્રકારના દસ્તાવેજો માટે ભરવાના છે.

| | |
|---|---|
| દસ્તાવેજનું નામ/મથાળુ | દસ્તાવેજનો પ્રકાર. મધ્યાહન યોજન યોજના<br><br>નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો<br>(નિયમો,વિનિયમો,સુચનાઓ,<br>નિયમસંગ્રહ,દફતરો, અન્ય) |
| દસ્તાવેજ પરનું ટુંકું લખાણ | એમ.ડી.એમ. |
| વ્યકિતને નિયમો,વિનિમયો,સુચનાઓ,નિયમ સંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે. | સરનામું : કલેકટર કચેરી<br>મધ્યાહન ભોજન યોજના શાખા<br>બીજા માળે ,નાનપુરા,સુરત<br>ટેલીફોન નંબરઃ ૦૨૬૧–૨૪૬૩૮૧૮<br>ફેકસઃ ૦૨૬૧–૨૪૭૨૪૧૯<br>ઈમેઈલઃ ––<br>અન્યઃ –– |

વિભાગ ધ્વારા નિયમો, વિનિયમો,સૂચનાઓ,

નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો)

## (નાનીબચત)

૪.૧ જાહેરતંત્ર અથવા તેના નિયત્રંણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીએએ ઉપયોગ કરવાના નિયમા,વિનિયમો,સુચનાઓ નિયમ સંગ્રહ અને દફતરોની યાદી નીચેના નમુન મુજબ આપો.આ નમુના દરેક પ્રકારના દસ્તાવેજ માટે ભરવાના છે.

| | |
|---|---|
| દસ્તાવેજનું નામ/મથાળુ | મહિલા પ્રધાન ક્ષેત્રિય બચત યોજના એજન્સી |
| દસ્તાવેજ પરનું ટુંકુ લખાણ | એમ.પી.કે.બી.વાય |
| વ્યકિતને નિયમો, વિનિયમો,સુચનાઓ નિયમ સંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે. | આ યોજના તા.૧/૪/૭ર થી અમલમાં આવી છે.જે એજન્સી આપવાની તથા રીવ્યુ કરવાની સત્તા સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃએઅએએસ/ર૩૭૪/૪૮૫૪/એમ,તા.૫/૭/૭૪ થી કલેકટરશ્રીને આપવામાં આવેલ છે.તા.૧૬/૭/૦૪ ના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખનબય/૧૦૯૮/૬૯–બ થી આ સત્તા જીલ્લા કલેકટરશ્રીના નિયંત્રણ હેઠળ વર્ગ–ર થી નીચેની કક્ષાના ન હોય તેવા અધિકારીને સુપ્રત કરી શકાશે.જેથી અત્રેના હુકમ ક્રમાંકઃનબય/એજન્સી/ર૦૦૪/વશી/૧૭૬૫/૧૭૭૦,તા.ર૮/૯/૦૪ થી સદરહું અધિકાર અધિક કલેકટરશ્રી(સંકલન) સુરતને છે.સદરહું મહિલા પ્રધાન એજન્સી રીવ્યુ કરવાની કામગીરી ઉપરોકત તા.ર૮/૯/૦૪ અન્વયે નાગરીક સુવિધા કેન્દ્ર સુરત ખાતે ફરજ બજાવતા વર્ગ–ર ના અધિકારીશ્રીને છે. મહિલા પ્રધાન ક્ષેત્રીય બચત યોજનાના ભાગ–૧ ના પેરા–૬ અન્વયે નિયત એનેક્ષર–ર માં અરજી ફોર્મ મહિલાએ ભરવાનું રહે છે. જેમાં નીચે મુજબના આધાર પુરાવા રજુ કરવાના રહે છે.<br>(૧) નિયત નમુનામા અરજી ફોર્મ<br>(ર) રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ.<br>(૩) સ્કુલ લિવીંગ સર્ટિફિકેટ<br>(૪) છેલ્લા અભ્યાસનું પ્રમાણપત્ર<br>(૫) બે ગેઝેટેડ અધિકારીના ચાલચલણના પ્રમાણપત્ર<br>(૬) રુા. ર૦/– ના સ્ટેમ્પ પેપર એકઝીકયુટીવ મેજીસ્ટેટ રુબરુ કબુલાતનામુ.<br>(૭) કોઈ ગુન્હાહીત પ્રવૃતિઓમાં સંડોવાયેલા ન હોવા કે ગુન્હો કર્યો ન હોવા બાબત. નજીકના પોલીસ સ્ટેશનનું પ્રમાણપત્ર.<br>(૮) સ્થાવર મિલ્કતના પુરાવા, લાઈટબીલ, વેરાબીલ.<br>નિયમ–૫ હેઠળ પાત્રતા.<br>(૧) કોઈપણ મહિલાજ એજન્સીનું કામકાજ કરી શકે તેટલુ વધુ રોકાણ કરવા માટે લોકોને સમજાવી શકે તેટલું શિક્ષણજ્ઞાન હોવુ જોઈએ.<br>(ર) મહિલા કેન્દ્ર સરકાર કે રાજય સરકારી ખાતામાં નોકરી કરતા ન હોવા જોઈએ.<br>(૩) મહિલાના કોઈપણ નજીકના સગા સબંધી ગુજરાત રાજયમાં પોસ્ટ ખાતામાં નોકરી કરતા ન હોવા જોઈએ.<br>(૪) મહિલા પર આધારીત કોઈપણ સગા સબંધી ગુજરાત રાજયમાં નોનગેઝેટેડ પોસ્ટ ખાતામાં નોકરી કરતા ન હોવા જોઈએ.<br>(૫) મહિલા ઉધોગના નજીકના સગા સબંધી ગુજરાત રાજયના રાષ્ટ્રીય બચત સંગઠન (એનએસઓ) ખાતામાં નોકરી કરતા નથી. |

| | |
|---|---|
| | (૬) મહિલા ઉમેદવારના નજીકના સગા સબંધીમાં (જેમ કે મહિલાના પતિનું કાયદેસરનું સંતાન કે દત્તક સંતાન પિતા, ઓરમાન પિતા, માતા પતિ, ઓરમાન મા, ભાઈ, ઓરમાન ભાઈ, બહેન, ઓરમાન બહેન, સસરા , સાસું, દિયર, જેઠ, બનેવી, ભાભી, દેરાણી , જેઠાણી, નણંદ રાજય સરકાર કે કેન્દ્ર સરકારના ખાતામાં નોકરી કરતા ન હોવા જોઈએ. |

**દસ્તાવેજનું નામ/મથાળુ :** **<u>પબ્લીક પ્રોવિડન્ટ ફંડની એજન્સી</u>**

| દસ્તાવેજ પરનું ટુંકુ લખાણ | પી.પી.એફ.ની એજન્સી. ૧૯૬૮ |
|---|---|
| વ્યકિતને નિયમો, વિનિયમો સુચનાઓ નિયમ સંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે. | આ યોજના તા.૧/૪/૭ર થી અમલમાં આવી છે.જે એજન્સી આપવાની તથા રીવ્યુ કરવાની સત્તા સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃએઅએસ/ર૩૭૪/૪૮૫૪/એમ,તા.૫/૭/૭૪ થી કલેકટરશ્રીને આપવામાં આવેલ છે.તા.૧૬/૭/૦૪ ના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખનબય/૧૦૯૮/૬૯–બ થી આ સત્તા જીલ્લા કલેકટરશ્રીના નિયંત્રણ હેઠળ વર્ગ–ર થી નીચેની કક્ષાના ન હોય તેવા અધિકારીને સુપ્રત કરી શકાશે.જેથી અત્રેના હુકમ ક્રમાંકઃનબય/એજન્સી/ર૦૦૪/વશી/૧૭૬૫/ ૧૭૭૦, તા.ર૮/૯/૦૪ થી સદરહું અધિકાર અધિક કલેકટરશ્રી(સંકલન) સુરતને છે.સદરહું મહિલા પ્રધાન એજન્સી રીવ્યુ કરવાની કામગીરી ઉપરોકત તા.ર૮/૯/૦૪ અન્વયે નાગરીક સુવિધા કેન્દ્ર સુરત ખાતે ફરજ બજાવતા વર્ગ–ર ના અધિકારીશ્રીને છે. મહિલા પ્રધાન ક્ષેત્રીય બચત યોજનાના ભાગ–૧ ના પેરા–૬ અન્વયે નિયત એનેક્ષર–ર માં અરજી ફોર્મ મહિલાએ ભરવાનું રહે છે. જેમાં નીચે મુજબના આધાર પુરાવા રજુ કરવાના રહે છે.<br>(૧) નિયત નમુનામા અરજી ફોર્મ<br>(ર) રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ.<br>(૩) સ્કુલ લિવીંગ સર્ટિફિકેટ<br>(૪) છેલ્લા અભ્યાસનું પ્રમાણપત્ર<br>(૫) બે ગેઝેટેડ અધિકારીના ચાલચલણના પ્રમાણપત્ર<br>(૬) રૂા. ર૦/– ના સ્ટેમ્પ પેપર એકઝીકયુટીવ મેજીસ્ટેટ રુબરુ કબુલાતનામુ.<br>(૭) કોઈ ગુન્હાહીત પ્રવૃતિઓમાં સંડોવાયેલા ન હોવા કે ગુન્હો કર્યો ન હોવા બાબત. નજીકના પોલીસ સ્ટેશનનું પ્રમાણપત્ર.<br>(૮) સ્થાવર મિલ્કતના પુરાવા, લાઈટબીલ, વેરાબીલ.<br>નિયમ–૫ હેઠળ પાત્રતા.<br>(૧) કોઈપણ મહિલાજ એજન્સીનું કામકાજ કરી શકે તેટલુ વધુ રોકાણ કરવા માટે લોકોને સમજાવી શકે તેટલું શિક્ષણજ્ઞાન હોવુ જોઈએ.<br>(ર) મહિલા કેન્દ્ર સરકાર કે રાજય સરકારી ખાતામાં નોકરી કરતા ન હોવા જોઈએ.<br>(૩) મહિલાના કોઈપણ નજીકના સગા સબંધી ગુજરાત રાજયમાં પોસ્ટ ખાતામાં નોકરી કરતા ન હોવા જોઈએ.<br>(૪) મહિલા પર આધારીત કોઈપણ સગા સબંધી ગુજરાત રાજયમાં નોનગેઝેટેડ પોસ્ટ ખાતામાં નોકરી કરતા ન હોવા જોઈએ. |

| | |
|---|---|
| | (૫) મહિલા ઉધોગના નજીકના સગા સબંધી ગુજરાત રાજયના રાષ્ટ્રીય બચત સંગઠન (એનએસઓ) ખાતામાં નોકરી કરતા નથી.<br>(૬) મહિલા ઉમેદવારના નજીકના સગા સબંધીમાં (જેમ કે મહિલાના પતિનું કાયદેસરનું સંતાન કે દત્તક સંતાન પિતા, ઓરમાન પિતા, માતા પતિ, ઓરમાન મા, ભાઈ, ઓરમાન ભાઈ, બહેન, ઓરમાન બહેન, સસરા , સાસું, દિયર, જેઠ, બનેવી, ભાભી, દેરાણી , જેઠાણી, નણંદ નો સમાવેશ થાય છે. |

**દસ્તાવેજનું નામ/મથાળુ :** સ્ટાન્ડર્ડ એજન્સી સીસ્ટમ એજન્સી એનએસસી, કેપીસ, એમઆઈએસ, ટીડી.

| દસ્તાવેજ પરનું ટુંકુ લખાણ | એસ.એ.એસ. |
|---|---|
| વ્યકિતને નિયમો, વિનિયમા સુચનાઓ નિયમ સંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે. | નિયમ(૫) હેઠળ એજન્સી આપવાના અધિકાર જીલ્લા કલેકટરશ્રી ડેપ્યુટી કમિશ્નરશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી અત્રેના હુકમ નંબર : નબય/એકસૂત્રીય એજન્સી/વશી, ૨૮૩૬ તા.૧૮/૬/૯૨ થી બારડોલી વ્યારા નગરપાલિકા વિસ્તારમાં આવી એસ.એ.એસ. એજન્સી આપવાના અધિકાર મામલતદારશ્રીને છે. જયારે પંચાયત વિસ્તારના અધિકારો તાલુકા વિકાસ અધિકારીશ્રીને છે. સુરત શહેર વિસ્તાર માટે સીટી મામલતદાર જીલ્લા સુરતને અધિકાર છે. સુરત શહેર વિસ્તારની એજન્સી રીન્યુ કરવાની નાગરીક સુવિધા કેન્દ્ર ખાતેની વર્ગ–૨ ના અધિકારીને છે. |
| વિભાગ ધ્વારા નિયમો વિનિયમો સુચનાઓ નિયમ સંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો) | |

# (પુરવઠાશાખા)

| | | |
|---|---|---|
| ૪.૧ | સુરત જીલ્લામાં એક શહેરી વિસ્તાર ૧૪ તાલુકાઓ મળી કુલ–૧૫ તાલુકાઓ આવેલા છે.જેમાં સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો ૧૨૫૬ આવેલ છે તથા છુટક કેરોસીન વિક્રતા ૬૪૫, ફેરીયા૩૨૦,પેટ્રોલપંપ–૧૪૫,ગેસ એજન્સી–૬૦ ,જથ્થાબંધ કેરોસીન વિક્રેતા–૩૯ આવેલ છે. | <u>વભદ દફતરઃ–</u><br>સરકારશ્રીના વખતોવખતનાં ઠરાવ તથા હાલનાં અન્ન ,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ,ગાંધીનગરનાં ઠરાવ તાઃ૨/૮/૦૪ અન્વયે નવીનિતિ અમલમાં આવતાં શહેરી વિસ્તારમાં પાંચ હજાર વસ્તીએ ૧ દુકાન, ગ્રામ્ય વિસ્તારમાં બે હજાર વસ્તીએ ૧ દુકાન સ્થાનિક શિક્ષિત બેરોજગારોને પૂરક રોજગારી તરીકે મંજુર કરવા ઠરાવેલ છે.<br>(૨) વ્યાજબી ભાવની દુકાનનાં સંચાલકનું અવસાન થવાથી વારસાઈ હકકે દુકાન તબદીલ કરવા સરકારશ્રીના ઠરાવ તાઃ ૨/૮/૦૪ મુદ્દા નં–૧૦ થી જોગવાઈ કરવામાં આવેલ છે.<br>(૩) વ્યાજબી ભાવની દુકાન રાજીનામા મંજુરી અંગે સરકારશ્રીના ઠરાવ તાઃ ૨/૮/૦૪ મુદ્દા નં–૧૪ ની જોગવાઈ મુજબ ઠરાવેલ છે.<br>(૪) સરકારશ્રીનાં તાઃ ૨/૮/૦૪ નાં મુદ્દા નં–૧૧ ની જોગવાઈ મુજબ સ્થળફેર મંજુરી અંગે જોગવાઈ કરવામાં આવેલ છે.<br><br><u>કસન દફતરઃ–</u><br>(૧) વ્યાજબી ભાવની દુકાન સાથે કેરોસીન પરવાનો મંજુર કરવા સરકારશ્રીના અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક/કસન/૧૦૯૨/૩૦૩૪/બ તાઃ ૧૮/૧/૯૫ થી કેરોસીનના છુટક પરવાના જે તે વિસ્તારની વ્યાજબી ભાવની દુકાનને મંજુર કરવા ઠરાવેલ છે.<br>(૨) સરકારશ્રીનાં અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ, ઠરાવ ક્રમાંકઃકસન/૧૦૯૨/૮૯૭/પાર્ટ–૩/બ તાઃ૧૩/૨/૦૪ થી કેરોસીન પરવાનેદારકે ફેરી પરવાનેદાર મૃત્યુ પામે તો તેમનાં વારસદારોને પરવાના મંજુર કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.<br>(૩) સરકારશ્રીનાં તાઃ ૧૧/૨/૦૪ નાં ઠરાવ મુજબ પરવાનો સ્થળફેર કરવા જોગવાઈ કરવામાં આવેલ છે.<br>(૪) ગુજરાત આવશ્યક ચીજવસ્તુ ધારા –૧૯૮૧ હેઠળ નિયત કરેલ ફોર્મમાં અરજી કર્યેથી પરવાનો આપવા સંબંધિત ઓઈલ કંપનીનો ડીલરશીપ પત્ર,પેટ્રોલ –ડીઝલ સ્ટોરેજ અંગે સંબંધિત સક્ષમ અધિકારીશ્રીનો "એનઓસી" ,એક્ષ્પ્લોઝીવ લાયસન્સ,એન.એ. પરવાનગી,રજુ કર્યેથી પરવાનો આપવા કાર્યવાહી કરવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| | | <u>ખતલ દફતરઃ–</u><br>(૧)સરકારશ્રીના અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગરનાં પરીપત્ર ક્રમાંકઃ ૪૨૫૭/ ૧૦૮૮/૨૧૦૯/ બ તાઃ ૩૦/૭/૧૯૮૮ મુજબ સંબંધકતા ઓઈલ કંપની તરફથી જે વિક્રેતાઓ જે સંસ્થાઓને રાંધણગેસ વિતરણ માટેની એજન્સી આપવામાં આવેલ છે તેમને પરવાનો આપવામાં આવે છે.<br>(૨) સરકારશ્રીના અન્ન, ના.પુ. ગાંધીનગરનાં ઠરાવ ક્રમાકઃકટક/૩૪૯૫/ તાઃ ૬/૮/૦૪ અનુસાર બીપીએલ/અંત્યોદય કુટુંબો માટે રોમીંગ રેશનકાર્ડની પ્રથા અમલમાં છે.<br>(૩) સરકારશ્રીના અન્ન,ના.પુ.ગા.બા. વિભાગ,ગાંધીનગરનાં જાહેરનામાક્રમાંકઃ જીડીએચ/૨૦૦૪/૨/સીપીએ/૧૦૨૦૦૩/૧૧૫૨/ડી તાઃ ૨૯/૧/૦૪ તથા તાઃ ૧૩/૫/૦૫ થી જીલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદની રચના કરવા ઠરાવેલ છે.<br>(૪)કન્ઝુમર્સ એફેર્સ એન્ડ પ્રોટેકશન એજન્સી ઓફગુજરાત(કાપાગ) ગાંધીનગરનાં પત્રનં– કાપાગ/ કલબ/ ૩૩/ ૨૦૦૩/૦૪/૧૨૪૫ /તાઃ ૧૫/૯/૦૩ થી કેન્દ્ર સરકાર ઘ્વારા કન્ઝયુમર્સ કલબ સ્થાપવા માટે યોજના દાખલ કરેલ છે.<br>(૫) સરકારશ્રીના અન્ન,ના.પુ.અને ગ્રાબા.વિભાગ,ગાંધીનગરનાં પત્ર ક્રમાકઃગસ૫/૧૦ /૨૦૦૦ /૩૫૨૦/ક તાઃ ૩૧/૩/૨૦૦૧ થી રાજય ગ્રાહક સુરક્ષા કાઉન્સીલની પુનઃરચના કરવા જણાવેલ છે.<br>(૬) સરકારશ્રીના અન્ન ,ના.પુ.અને ગ્રાબા વિભાગ,ગાંધીનગરનાં છેવટના ઠરાવકમાંકઃ શનસ/૧૦૮૮/૨૯૮૮/ તાઃ ૪/૫/૨૦૦૦ થી શહેર નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની રચના કરવા ઠરાવેલ છે.<br>(૭) સરકારશ્રીનાં અન્ન,ના.પુ.અને ગ્રાબા વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાકઃગસમ/ ૧૦૨૦૦૪/સીએસ/૧૮/ડી તાઃ ૭/૬/૨૦૦૪ અન્વયે ભારત સરકારે ગ્રાહક પ્રવૃતિને વેગ મળે તે હેતુથી જીલ્લા માહિતી કેન્દ્ર સ્થાપવાની યોજના અમલમાં મુકેલ છે. જે દરેક માહિતી કેન્દ્ર માટે રૂા.૫/–લાખ ત્રણ વર્ષ માટે કન્ઝયુમર્સ વેલ્ફેર ફંડમાંથી કેન્દ્રીય સહાય આપવામાં આવે છે. જે કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટનું જીલ્લા કક્ષાએ મોનીટરીંગ કરવા અંગે જીલ્લા મોનીટરીંગ સમિતિની રચના કરવાનું ઠરાવેલ છે. જેમાં (૧)જીલ્લા કલેકટરશ્રી/ જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા તેમના પ્રતિનિધિ અઘ્યક્ષ(૨) જીલ્લા મુખ્ય કાર્યકારી અધિકારી અથવા તેઓના પ્રતિનિધિ (૩) જીલ્લા ગ્રાહક સુરક્ષા અધિકારી (૪) ચેરમેન ઓફ બ્લોક પંચાયત સમિતિ અથવા તેઓના પ્રતિનિધિ(૫) ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓ સિવાયની સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિ નિમવા નકકી થયેલ છે.<br><br><u>ઈએસટી દફતરઃ–</u><br>ગુજરાત સીવીલ સર્વિસ નિયમ–૨૦૦૨ તથા ગુજરાત નાણાકિય નિયમો–૨૦૦૨ અન્વયે કચેરીનાં કર્મચારીઓનાં પગાર બનાવવા(૨)કર્મચારીનાં પેન્શન પેપર્સ તૈયાર કરવા.(૩) કર્મચારીના પે–ફીકસેશન કરવા(૪) કર્મચારીઓની સેવાપોથી નિભાવવી.<br><br><u>હસબ દફતરઃ–</u><br>૧) સિવીલ સર્વીસ નિયમ–૨૦૦૨ ગુજરાત નાણાંકિય નિયમો મુજબ કચેરીના કર્મચારીઓનાં પગાર,ભથ્થા,વિગેરેની ચુકવણી કરવા.<br>(૨) ગુજરાત પેટર્ન વિવેકાધીન યોજના હેઠળ(ટ્રાયબલ સબ પ્લાન સહાય)બાબત.<br><br><u>એન્ફોર્સમેન્ટ રુરલ/સીટી દફતરઃ–</u><br>આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન,પુરવઠા અને વહેંચણી ઉપર તેમજ તેના વાણિજય ઉપર નિયંત્રણ મુકવા માટે જોગવાઈ કરવા બાબત. આ અધિનિયમ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ તાઃ ૧/૪/૧૯૫૫ થી કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત આવશ્યક નિયંત્રણ મુકવા માટે જોગવાઈ કરવા બાબત. આ અધિનિયમ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–૧૯૫૫ તાઃ ૧/૪/૧૯૫૫ થી કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત)હુકમ–૧૯૮૧ અન્વયે એફપીએસ તથા કેરોસીનના પેટ્રોલ–ડીઝલ ,ગેસના પરવાનેદારોને લાયસન્સ આપવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| | | પરવાનેદારો ધ્વારા આચરવામાં આવતી ગેરરીતિઓ સંબંધે તેઓ સામે જરુરી કાર્યવાહી કરવા સારુ સદરહુ હુકમમાં જોગવાઈઓ કરવામાં આવેલ છે.<br>(૨) કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ–૧૯૯૩ નાં સરકારી રાહતદરનાં ભુરા કેરોસીન સંબંધે હુકમ બહાર પાડવામાં આવેલ છે તથા આ હુકમમાં ગેરરીતિઓ સંબંધે જરુરી જોગવાઈઓ કરવામાં આવેલ છે.<br>(૩) સરકારશ્રીના ખનીજ તેલ અને કુદરતી વાયુ મંત્રાલય નવી દિલ્હી ધ્વારા તાઃ ૨૮/૧૨/૧૯૯૮ થી હુકમ બહાર પાડવામાં આવેલ છે. આ હુકમ મોટર સ્પીરીટ અને હાઈસ્પીડ ડીઝલ(પુરવઠા અને વિતરણ નિયમન અને ગેરરીતિ નિવારણ)હુકમ–૧૯૯૮ થી ઓળખાય છે. પરવાનેદારશ્રીઓ પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ કરે અથવા વધુ ભાવ લે,અથવા જથ્થાની વધઘટ વગેરે ગેરરીતિઓ સંબંધે જરુરી કાર્યવાહી કરવા સંબંધે જોગવાઈઓ કરવામાં આવેલ છે.<br>(૪) અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ,ગાંધીનગરના તાઃ ૭/૮/૨૦૦૦ ઓએનજીસી,નવીદિલ્હીના તાઃ ૫/૬/૨૦૦૦ થી નેપ્થા હુકમ –૨૦૦૦ અન્વયે નેપ્થા એ આવશ્યક ચીજવસ્તુમાં સમાવેશ કરવામાં આવેલ છે. ઉપરોકત હુકમ અન્વયે કલમ–૩ હેઠળ નેપ્થાનાં વેચાણ અને ઉપયોગ પર નિયંત્રણ લાદવામાં આવેલ છે.<br>(૫) પ્રવાહી પેટ્રોલીયમ ગેસ(પુરવઠા અને વિતરણ નિયમન)હુકમ–૨૦૦૦ અન્વયે પેટ્રોલીયમ ગેસના અનઅધિકૃત ગેસના કબજા પુરવઠા અને વપરાશ,સંગ્રહ અને હેરફેર પર પ્રતિબંધ હેઠળની જોગવાઈ ઉકત કાયદામાં કરવામાં આવેલ છે.<br>**<u>અનાજ દફતરઃ–</u>**<br>(૧) ગરીબી રેખા નીચેના કુટુંબોને ભારત સરકારની લક્ષીત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાહતભાવે વિતરણ કરવા સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃપીડીએસ/૧૧૯૭/૨૯૧/ક તાઃ ૨૭/૫/૯૭ તથા તાઃ ૧/૬/૯૭ થી લક્ષીત જાહેર વિતરણ વ્યવસ્થા અમલમાં મુકવામાં આવેલ છે.<br>(૨)સરકારશ્રીના તાઃ૫/૧૦/૦૪ના ઠરાવ ક્રમાંકઃઅનજ/૧૦૨૦૦૩/૨૧૮૯/થી બીપીએલ કાર્ડ ઉપર વધારાનું ૭.૫ કી.ગ્રામ અનાજ આપવાનું નકકી કરવામાં આવેલ છે. જે અમલમાં છે.<br>(૩) સરકારશ્રીનાતાઃ૧/૭/૦૪પરીપત્રક્રમાંકઃપીડીએસ/૧૦૨૦૦૪/૨૨૪૦/ક થી જાહેર વિતરણ વ્યવસ્થા સુદ્રઢ બનાવવા માટે રાજય સરકાર ધ્વારા હુકમ કરવામાં આવેલ છે.<br>(૪) સરકારશ્રીના તાઃ ૫/૧૦/૦૪ નાં ઠરાવથી ૨૫ કી.ગ્રામ જેમાં ઘઉ–૨૦ કીલો તથા ચોખા ૫ કીલોના બદલે ઘઉ–૨૮ કીલો રૂા. ૨/– પ્રતિ કીલોના ભાવ તથા ચોખા ૭ કીલો પ્રતિકીલોનારૂા. ૩/–પ્રતિમાસે આપવાનું અમલમાં છે.<br>(૫)સરકારશ્રીનાઅર્ધસરકારીપત્રક્રમાંક–પીડીએસ/૧૦૨૦૦૧/૧૭૭૭/ક તાઃ ૪/૩/૦૪ થી આ અન્ન પુર્ણા યોજના અમલમાં છે.<br>(૬) સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંકઃએસજીવાય/૧૦/૨૦૦૨/૨૬૩/ખ –૨ તાઃ ૧૩/૨/૨૦૦૨ થી આ યોજના બહાર પાડવામાં આવેલ છે.<br>(૭) નામદાર સુપ્રિમ કોર્ટમાં થયેલ જાહેરહિતની રીટપીટીશન નં–૯/૦૧ માં મીઠાના એકમોમાં કામ કરતા અગરીયાઓ માટે એકશન પ્લાન યોજના અમલમાં છે. |
| | દસ્તાવેજ પરનું ટુંકું લખાણ. | **<u>વભદ દફતરઃ–</u>**<br>(૧) પંડીત દીનદયાળ ગ્રાહક ભંડાર (સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો) અંગે સરકારશ્રીના વખતો વખતનાં ઠરાવોને ઘ્યાને લઈ જાહેરાત આપવામાં આવે છે. જે જાહેરાત મુજબ દુકાન મેળવવા માટે અરજીનાં ફોર્મ ચલણ ધ્વારા રૂા. ૫/–ની કિમતે સરકારશ્રીમાં જમા કરાવી મામલતદાર કચેરીમાં રુબરુ મેળવી શકશે. અને અરજી ફોર્મ ભરી નિયત કરેલ દિન –૧૫ માં મામલતદાર કચેરીમાં રજુ કરવાના રહેશે. મામલતદાર ધ્વારા અરજી ચકાસણી કરી તાલુકા પુરવઠા સલાહકા સમિતિનાં અભિપ્રાય સાથે દિન–૨૫ માં કામગીરી પૂર્ણ કરી જીલ્લા કક્ષાએ દરખાસ્ત મોકલવાની રહેશે. ત્યાર બાદ જીલ્લા કક્ષાએ ચકાસણી કરી જીલ્લા પુરવઠા સલાહકાર સમિતિમાં રજુ કરી અભિપ્રાયો મેળવી સરકારશ્રીના નોર્મ્સ મુજબ કલેકટરશ્રી આખરી નિર્ણય લઈ મંજુર કરી શકશે. |

| | | |
|---|---|---|
| | | (૨) પરવાનેદારનાં મૃત્યુપછી તેમના વારસદાર તરફે પરવાનો મેળવવા માંગણી આવે અને વારસાઈ માટે કોઈ તકરાર ન હોય અને સદગત પરવાનેદારે સંતોષકારક કામગીરી કરેલ હોય અને તેમની સામે કોઈ શિક્ષાત્મક પગલાં ભરવાનો કે કેસ કરવાની કોઈ કાર્યવાહી ચાલુ ન હોય તો કોઈ પણ જાતની જાહેરાત વિના સદગત મુળ પરવાનેદારનાં કાયદેસરનાં સીધીલીટીના વારસદારોને કલેકટરશ્રી ધ્વારા પરવાનાની મંજુરી આપવામાં આવે છે.<br>(૩) પરવાનેદારનાં દુકાનના સ્થળ ફેર અંગે જો અરજી કરવામાં આવે તો મામલતદારશ્રી ધ્વારા દરખાસ્ત મેળવી જીલ્લા પુરવઠા સલાહકાર સમિતિમાં બહાલી મેળવી સ્થળફેરની મંજુરી કલેકટરશ્રી ધ્વારા આપવામાં આવે છે. જો પરવાનેદાર સ્થળફેર ગ્રામ વિસ્તારમાં ગામ બદલાય અથવા શહેરી વિસ્તારમાં ઝોન બદલાય તેવા કિસ્સામાં દરખાસ્ત સરકારશ્રીને મોકલવાની થાય છે.<br>(૪) વ્યાજબી ભાવની દુકાનદાર સંચાલકશ્રીમાંથી રાજીનામું આપે તો તેઓને સામે કોઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની બાકી ન હોય કોઈ સરકારી લેણું બાકી ન હોય તો કલેકટરશ્રી ધ્વારા મંજુરી આપવામાં આવે છે.<br><u>કસન દફતરઃ—</u><br>(૧) પરવાનેદાર કે ફેરી પરવાનેદારનાં મૃત્યુપછી તેમના વારસદાર તરફે પરવાનો મેળવવા માંગણી આવે અને વારસાઈ માટે કોઈ તકરાર ન હોય અને સદગત પરવાનેદારે સંતોષકારક કામગીરી કરેલ હોય અને તેમની સામે કોઈ શિક્ષાત્મક પગલાં ભરવાનો કે કેસ કરવાની કોઈ કાર્યવાહી ચાલુ ન હોય તો કોઈ પણ જાતની જાહેરાત વિના સદગત મુળ પરવાનેદારનાં કાયદેસરનાં સીધીલીટીના વારસદારોને કલેકટરશ્રી ધ્વારા પરવાનાની મંજુરી આપવામાં આવે છે.<br>(૨) પરવાનેદારનાં પરવાના સ્થળ ફેર અંગે જો અરજી કરવામાં આવે તો મામલતદારશ્રી ધ્વારા દરખાસ્ત મેળવી જીલ્લા પુરવઠા સલાહકાર સમિતિમાં બહાલી મેળવી સ્થળફેરની મંજુરી કલેકટરશ્રી ધ્વારા આપવામાં આવે છે. જો પરવાનેદાર સ્થળફેર ગ્રામ વિસ્તારમાં ગામ બદલાય અથવા શહેરી વિસ્તારમાં ઝોન બદલાય તેવા કિસ્સામાં દરખાસ્ત સરકારશ્રીને મોકલવાની થાય છે.<br>(૩) પેટ્રોલ/ડીઝલનાં પંપના પરવાના માટે નિયત ફોર્મમાં અરજી કર્યેથી જરુરી દરખાસ્ત મામલતદારશ્રી ધ્વારા આવ્યેથી તથા સંબંધિત ઓઈલ કંપનીનો ડીલર શીપ પત્ર, પેટ્રોલ –ડીઝલનાં સ્ટોરેજ અંગે સંબંધિત સક્ષમ અધિકારીશ્રીનું " ના વાંધા પત્ર" એક્ષપ્લોઝીવ લાયસન્સ, એન.એ.ની પરવાનગી રજુ કર્યેથી કલેકટરશ્રી ધ્વારા પરવાનાની મંજુરી આપવામાં આવે છે.<br>(૪) નેપ્થા/સોલવંટ અંગે નકકી કરેલ નમુનામાં અરજી કર્યેથી મામલતદારશ્રી તરફથી જરુરી દરખાસ્ત આવ્યે તથા પેટ્રોલ પ્રોડકટ સ્ટોરેજ અંગે મેજીસ્ટ્રટશ્રીનું એન.ઓ.સી./એક્ષપ્લોઝીવ ખાતાનું એક્ષપ્લોઝીવ લાયસન્સ મજુર કરેલ પ્લાન, એન.એ. પરવાનગી, જીએસટી/સીએસટી નંબરો, રજુ કર્યેથી કલેકટરશ્રી ધ્વારા મંજુરી આપવામાં આવે છે.<br><br><u>ખતલ દફતરઃ—</u><br>(૧) રાંધણગેસ અંગે સંબંધકર્તા ઓઈલ કર્તા તરફથી જે તે વિક્રેતા/સંસ્થાઓને રાંધણગેસ વિતરણ કરવાની એજન્સી આપવામાં આવે છે. તેમને જરુરી પુરવા રજુ કર્યેથી કલેકટરશ્રી ધ્વારા પરવાનાની મંજુરી આપવામાં આવે છે.<br>(૨) બીપીએલ અંત્યોદય કુટુંબો માટે રોમીંગ રેશનકાર્ડ યોજના હેઠળ કુટુંબની વ્યકિત રોજગારી અર્થે રાજય તથા અન્ય વિસ્તારમાં સ્થળાંતર કરે તેમને તેમનાં હંગામી સ્થળાંતર દરમ્યાન કુટુંબો જથ્થાથી વંચિત ન રહે તે માટે રોમીંગ રેશનકાર્ડ જે તે મામલતદાર કચેરી તરફથી આપવામાં આવે છે.<br>(૩) જીલ્લા ગ્રાહક પરિષદની રચના બે વર્ષની મુદત માટે કરવાની થાય છે જેમાં સરકારી સભ્ય તરીકે જુદા જુદા ૧૮ અધિકારીશ્રીઓ તેમજ બીન સરકારી સભ્ય તરીકે ક્ષેત્રનાં ૯ પ્રતિનિધિ ઓ /જીલ્લાનાં સંસદ/ ધારાસભ્ય નિયુકત કરવામાં આવે છે.<br>(૪) રાજયનાં ગ્રાહક કાઉન્સીલની રચના ૧૦ સ્ત્રી પ્રતિનિધિ,૨ ઉદ્યોગો તેમજ જથ્થાબંધ ,છુટક વેપારના પ્રતિનિધિ જેઓ કોઈ રાજકીય પક્ષ સાથે સંકળાયેલ ન હોય જેઓની |

| | | |
|---|---|---|
| | | નિમણુક કરવાની થાય છે.<br>(૫) જીલ્લા /શહેર નાગરીક પુરવઠા ગ્રાહક સુરક્ષાની સમિતિ બીન સરકારી સભ્યો–૮, સરકારી સભ્યો–૬,તથા સંસદ સભ્યો/ધારાસભ્યશ્રીઓની નિમણુક કરવાની થાય છે. આ સમિતિની મુદત ત્રણ વર્ષની હોય છે.<br><br>**<u>એન્ફોર્સમેન્ટ/રુરલ દફતરઃ–</u>**<br>(૧) પરવાનેદારશ્રીઓ તરફથી આચરવામાં આવતી ગેરરીતિઓ સંદર્ભે અનામત પેટે મુકવામાં આવેલ પરવાના ડીપોઝીટ/કરાનામા ડીપોઝીટ/રાજયસાત કરવામાં આવે છે. તેમજ જરુરી દંડની કાર્યવાહી પણ કરવામાં આવે છે.તેમજ પરવાનો રદ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે,તેમજ જરુરી દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવે છે.રદ કરવામાં આવેલ પરવાના સામે પરવાનેદારશ્રી કલેકટરશ્રી/અથવાસરકારશ્રીમાંદિન–૩૦માંઆ.ચી.વ.અધિ–૧૯૮૧ ની કંડકા–૧૧ હેઠળ અપીલ કરી શકેછે. તેમજ સખ્તાઈનાં પગલાં રુપે પીબીએમ કેસો તેમજ પોલીસ કેસો પણ કરવામાં આવે છે.<br>(૨) પરવાનેદારશ્રીઓ તરફથી આચરવામાં આવતી ગેરરીતિઓ સંદર્ભે અનામત પેટે મુકવામાં આવેલ પરવાના ડીપોઝીટ/કરાનામા ડીપોઝીટ/રાજયસાત કરવામાં આવે છે. તેમજ જરુરી દંડની કાર્યવાહી પણ કરવામાં આવે છે. રદ કરવામાં આવેલ પરવાના સામે પરવાનેદારશ્રી કલેકટરશ્રી/અથવા સરકારશ્રીમાં દિન–૩૦ માં આ.ચી.વ.અધિ–૧૯૮૧ ની કંડકા–૧૧ હેઠળ અપીલ કરી શકેછે. પરવાનેદારશ્રીઓ તરફથી આચરવામાં આવતી ગેરરીતિઓ સંદર્ભે અનામત પેટે મુકવામાં આવેલ પરવાના ડીપોઝીટ/કરાનામા ડીપોઝીટ/રાજયાત કરવામાં આવે છે. તેમજ જરુરી દંડની કાર્યવાહી પણ કરવામાં આવે છે.તેમજ સખ્તાઈનાં પગલાં રુપે પીબીએમ કેસો તેમજ પોલીસ કેસો પણ કરવામાં આવે છે.<br>(૩) પરવાનેદારશ્રીઓ તરફથી પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ કરે અથવા વધુ ભાવ લે અથવા જથ્થાની વધઘટ અથવા કાળાબજારમાં વેચાણ કરવાની પ્રવૃતિઓ ઘ્યાને આવતાં પરવાના ડીપોઝીટ/રાજયસાત કરવામાં આવે છે, રદ કરવામાં આવેલ પરવાના સામે પરવાનેદારશ્રી કલેકટરશ્રી/અથવા સરકારશ્રીમાં દિન–૩૦ માં આ.ચી.વ.અધિ–૧૯૮૧ ની કંડકા–૧૧ હેઠળ અપીલ કરી શકેછે. તેમજ પેટ્રોલ/ડીઝલનાં નમુનાઓ નાપાસ થતાં પરવાનેદારશ્રીઓ સામે સખ્તાઈનાં પગલાં રુપે પીબીએમ કેસો તેમજ પોલીસ કેસો પણ કરવામાં આવે છે.<br>(૪) પેટ્રોલીયમ પ્રોડકટ નેપ્થા/સોલવંટના ગેરકાયદેસર ધંધા અંગે કસુરદારો સામે પોલીસ કેસ /પીબીએમ કેસો કરવામાં આવે છે તેમજ કબજે કરવામાં આવેલ જથ્થા અંગે મામલતદારશ્રીઓને જથ્થાનો જાહેર હરાજીથી નિકાલ કરી આવેલ ઉપજની રકમ સરકારશ્રીમાં ચલણથી જમા કરાવવામાં આવે છે.<br>(૫) ગેસના બીન અધિકૃત વેચાણ/હેરફેર સંબંધે પરવાનેદારશ્રીઓ સામે પરવાના ડીપોઝીટ રાજયસાત કરવામાં આવે છે તેમજ આચરવામાં આવેલ ગંભીર ગેરરીતિઓ બદલ પોલીસ ફરીયાદ તેમજ પીબીએમ કેસો પણ કરવામાં આવે છે.<br><br>**<u>અનજ દફતરઃ–</u>**<br>(૧) બીપીએલ યોજના હેઠળ ઘઉં વ્યકિત દીઠ ૧.૫ કીલો ,કાર્ડદીઠ ૯ કીલો પ્રતિ કીલોના રુા. ૨/– ના ભાવથી ,ચોખા વ્યકિત દીઠ ૧કીલો, કાર્ડ દીઠ ૩.૫ કીલો પ્રતિ કીલોના રુા. ૩/– થી ઘઉં વધારો ૫ કીલો, પ્રતિ કીલોના રુા. ૫/– પ્રમાણે, ચોખા ૨.૫ કીલો, પ્રતિ કીલોનાં રુા. ૬.૭૦ ના ભાવથી વિતરણ કરવામાં આવેછે.<br>(૨) એપીએલ યોજના હેઠળ ગરીબી રેખાથી ઉપર જીવતા કુટુંબો માટે ઘઉં વ્યકિત દીઠ માસિક ૪ કીલો ,કાર્ડ દીઠ ૨૦ કીલો,પ્રતિ કીલોના રુા.૫.૨૦ ભાવથી, ચોખા વ્યકિત દીઠ ૨ કીલો, કાર્ડ દીઠ ૧૦ કીલો, સુપર ફાઈન પ્રતિ કીલોના ૮.૫૦ અને ફાઈન પ્રતિ કીલોના ૭.૫૦ ના ભાવથી વિતરણ કરવામાં આવે છે.<br>(૩) સુદઢ યોજના હેઠળ સરકારશ્રીની યોજનાઓમાં મળતો જથ્થો એક વ્યકિતને એક કરતાં વધુ કાર્ડો ઉપર મેળવે છે કે કેમ? તેની તકેદારી રાખવામાં આવે છે.<br>(૪) અંત્યોદય અન્ન યોજના હેઠળ બીપીએલ કુટુંબોમાં પણ ગરીબ હોય તેવા કુટુંબોને ગ્રામ |

| | | |
|---|---|---|
| | | સભામાં મંજુરી મેળવી ઘઉ–૨૦ કીલો,પ્રતિ કીલોના રુા. ૨/– ના ભાવે તથા ચોખા–૫ કીલો પ્રતિકીલોનાં રુા. ૩/– ના ભાવે વિતરણ કરવાનું નકકી કરેલ છે.<br>(૫) આ યોજના હેઠળ ૬૫ વર્ષની ઉપરની નિરાધારા વૃધ્ધો કે જેઓ સરકારશ્રીની પેન્શન યોજનાનો લાભ મેળવતા ન હોય તેઓને વિના મુલ્યે ૧૦ કીલો ઘઉ/ ચોખા વિતરણ કરવામાં આવે છે.<br>(૬) મીઠાના અગરીયાનાં એકમોમાં કામ કરતા કુટુંબો માટે મામલતદારશ્રી ઘ્વારા ચકાસણી કરી બીપીએલ યોજના હેઠળ અનાજ વિતરણ કરવામાં આવે છે. |
| | વ્યકિતને નિયમો, વિનિયમો,સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે. | સરનામું:–**પુરવઠાશાખા,કલેકટર કચેરી, નાનપુરા,સુરત.**<br>ટેલીફોન નંબર ૨૪૭૨૧૨૫<br>ફેકસ ૨૪૭૩૪૦૫<br>ઈમેઈલ –<br>અન્ય – |
| | વિભાગ ઘ્વારા નિયમો,વિનિયમો,સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી(જો હોય તો) | (૧)સરકારશ્રી નિયમોની જોગવાઈઓ મુજબ શોધાઈ ફી અને મુકાબલ ફી લેવા માટે નકકી થયેલ છે.<br>(૨) સરકારશ્રીના ઠરાવ તાઃ ૨/૮/૦૪ તથા વખતોવખતની સુચનાઓ મુજબ પરવાના અને અધિકારપત્ર ફાટી કે નાશ પામે અથવા ગુમ થાય તેવા કિસ્સામાં ડુપ્લીકેટ પરવાના,અધિકારીપત્ર મેળવવા સરકારશ્રીમાં રુા. ૭૦/– ફી ચલણથી જમા કરવાનું નકકી કરેલ છે. |

## <u>ડીઝાસ્ટરશાખા</u>

૪.૧ જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, સુચનાઓ નિયમ

સંગ્રહ અને દફતરોની યાદી નીચેના નમૂના મુજબ આપો. આ નમુનો દરેક પ્રકારના દસ્તાવેજ માટે ભરવાનો છે.

| **દસ્તાવેજનું નામ અને મથાળું** | **દસ્તાવેજનો પ્રકાર** |
|---|---|
| અતિવૃષ્ટિ, પૂરના પાણીમાં તણાઈ જવાથી કે અન્ય સંલગ્ન બનાવમાં થતા માનવ મૃત્યુ તથા મકાના, ઝુપડાં નુકશાન સહાય, કેશડોલ તથા ઘરવખરી સહાય ના ધોરણો.<br>સીએલએસ–<br>ના<br>જોગવાઈઓ | અતિવૃષ્ટિ, પૂરના કારણે ડૂબી જવાથી અવસાન થતા સરકારી સહાય ચુકવવા બાબત.<br>સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક :<br>૨૦૦૦–૧૬૨૯ સ.૩ તા. ૩૧/૭/૨૦૦૦ તથા સરકારશ્રી<br>મહેસુલ વિભાગના વખતો વખત સુધારેલ ઠરાવની<br>ને આધિન. |

**દસ્તાવેજ પરનું ટૂંકું લખાણ :–**

**(એ) સહાય માટેની પાત્ર**

- અતિવૃષ્ટિ , પૂરના કારણે તણાળ જવાથી, ડુબીજવાથી અથવા સંલગ્ન કારણોસર અવસાન થવાથી
- અતિવૃષ્ટિ, પૂરના કારણે મકાન, ઝુપડાં ને આંશિક કે સંપૂર્ણ નુકશાન થવાથી.

- અતિવૃષ્ટિ, પૂરના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય જવાથી રાહત કેમ્પનું આયોજન તથા લાભાર્થીઓને ઘરવખરી,કેશડોલ સહાય .

**(બી) સહાય મંજુર કરવા માટેના સક્ષમ અધિકારી**

– નગર પાલિકા તથા શહેરી વિસ્તારમાં મામલતદારશ્રી સીટી તથા કલેકટરશ્રી

– ગ્રામ્ય વિસ્તારમાં સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી

**(સી) સહાયનું ધોરણ :–**

- મત્યુ સહાયના કેસોમાં ૨૫૦૦૦ રૂા. સરકારશ્રીની સહાય
  ૨૫૦૦૦ રૂા. મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી
  ૫૦૦૦૦ રૂા. પી.એમ. ફંડમાંથી
  .............
  કુલ ૧૦૦૦૦૦ રૂા.

- કેશડોલ વ્યકિત દિઠ દૈનિક રૂા. ૧૫/– વધુમાં વધુ ૧૫ દિવસ માટે –કુટુંબ દિઠ મહત્તમ ૫ વ્યકિતઓની મર્યાદામાં
- ઘરવખરી સહાય
  કુંટંબ દિઠ રૂા. ૧૨૫૦/–

**મૃત્યુ સહાય માટે ની કાર્યવાહી ની રીત :–**

(૧) તાલુકા કક્ષાએ , સુરત શહેર ફલડ કંટ્રોલ રૂમમાં મૃતયુ બાબતની જાણ .

(૨) માનવ મૃત્યુના તમામ કિસ્સામાં પોલીસ ફરીયાદ.

(૩) મૃતકની લાશનું પોસ્ટ મોર્ટમ કરાવેલ હોવું જોઈએ અને તેનો પી.એમ રીપોર્ટ.

(૪) અન્ય પુરાવા જેવાકે મરણનો દાખલો, પંચનામું, રેશનકાર્ડની નકલ, તલાટીશ્રી નો રીપોર્ટ તથા તે સાથેની ધોરણસરની દરખાસ્ત.

(૫) જે કિસ્સાઓમાં લાશ ન મળે તેમાં જિલ્લા કક્ષાની વહીવટી સમિતિનો સહમતી દર્શક ઠરાવ.